Wednesday, 25 February 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



તમે જે બદલાવ જોઈ રહ્યા છો, એ બદલાવ તમે તમારા અંદર લાવો.
- મહાત્મા ગાંધીજી

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૬૩ ● સંવત-૨૦૮૨ ફાગણ સુદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## સાંસદ ઉમેશભાઈ પટેલે બેંકોને દમણ-દીવમાં પણ પોતાની સીએસઆર પ્રવૃત્તિ કરવા કરેલી તાકિદ

### બેંકો દ્વારા એજ્યુકેશન લોન સહિત અન્ય સરકારી યોજનાઓના કાર્યાન્વયન માટે અપનાવવામાં આવતી ઠાગા-ઠૈયાની નીતિની સાંસદશ્રીએ સખત શબ્દોમાં કાઢેલી ઝાટકણી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૪**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ બાબુભાઈ પટેલે આજે ડિસ્ટ્રિક્ટ કન્સલટેટિવ કમિટી(ડીસીસી) અને ડિસ્ટ્રિક્ટ લેવલ રિવ્યુ કમિટી(ડીએલઆરસી)ની ત્રિમાસિક સમીક્ષા બેઠકમાં સક્રિય રૂપથી ભાગ લઈ તેમણે પ્રગતિની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં ડેપ્યુટી કલેક્ટર શ્રીમતી આરતી અગ્રવાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

દમણના કલેક્ટરાલયના કોન્ફરન્સ હોલમાં આયોજીત બેઠકમાં સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે વિવિધ સરકારી યોજનાઓના ક્રિયાન્વયનમાં થઈ રહેલી ધીમી ગતિ ઉપર પોતાની ઊંડી ચિંતા પ્રગટ કરી હતી અને બેંકોને તેમના સામાજિક અને પ્રશાસનિક દાયિત્વની પણ યાદ અપાવી હતી.

સાંસદશ્રીએ કિસાન ક્રેડિટ કાર્ડની ધીમી પ્રગતિ ઉપર ચિંતા વ્યક્ત કરતા બેંકોને તાત્કાલિક અને પ્રભાવી રીતે આ યોજનાના કાર્યાન્વયન માટે આગ્રહ કર્યો હતો. જેથી ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂતી મળી શકે. સાંસદશ્રીએ બેંકો દ્વારા એજ્યુકેશન લોનના સંદર્ભમાં અપનાવવામાં આવતી ઠાગા-ઠૈયાની નીતિની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી યુવાઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે તાત્કાલિક રીતે લોન મળી શકે તેવી વ્યવસ્થા કરવા પણ તાકિદ કરી હતી. તેમણે મહિલાઓ અને ગ્રામીણ સમુદાયોના આર્થિક સશક્તિકરણ માટે સ્વયં સહાયતા સમૂહોને બેંક લિંકેજ યોજનાને પ્રાથમિકતા આપવાનો પણ નિર્દેશ કર્યો હતો. દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે બેંકો દ્વારા પોતાના સીએસઆર ફંડનો ઉપયોગ દમણ અને દીવ માટે નહિ કરવા બદલ પણ ખેદ વ્યક્ત કર્યો હતો અને પ્રદેશના શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામીણ માળખાગત સુવિધા જેવા સ્થાનિક વિકાસના કામોમાં કરી બેંકોને પોતાની સામાજિક જવાબદારી સુદૃઢ કરવા માટે પણ અનુરોધ કર્યો હતો.

લીડ ડિસ્ટ્રિક્ટ બેંક મેનેજર શ્રી અભિકુમાર સહાયે બેઠકનું સફળ આયોજન કર્યું હતું અને સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલની સક્રિય ભાગીદારીને પ્રેરણાદાયી બતાવી હતી. દમણ-દીવના આર્થિક અને સામાજિક વિકાસની દિશામાં આ બેઠક એક મહત્ત્વપૂર્ણ સાબિત થશે એવી લાગણી પણ પ્રગટ થઈ હતી.

## એનસીડી દ્વારા પ્રદેશની પ્રાઈમરી કો-ઓપરેટિવ સોસાયટીઓ માટે એક્સલન્સ અને મેરિટ એવોર્ડ ૨૦૨૫ના વિતરણ સમારંભનું સફળ આયોજન સંપન્ન

### દાદરા નગર હવેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની ધિરાણ અને ગ્રાહક સહકાર મંડળી લિમિટેડ, ટોકરખાડા સેલવાસ અને ડેરી સેક્ટરમાં બેસ્ટ પ્રાઈમરી કો-ઓપરેટિવ સોસાયટી માટે ઝરી દૂધ ઉત્પાદક સહકારી મંડળીને મળેલો રૂા.૩૫ હજારનો એક્સલન્સ એવોર્ડ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૪**

ભારત સરકારના સહકાર મંત્રાલય અંતર્ગત કાર્યરત એક કાનૂની સંસ્થા નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનસીડીસી)એ આજે નાની દમણ કચીગામ ખાતે સચિવાલયમાં કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવની પ્રાઈમરી કો-ઓપરેટિવ સોસાયટીઓ માટે એનસીડીસી રિજનલ એવોર્ડ્સ ફોર કો-ઓપરેટિવ એક્સલન્સ અને મેરિટ ૨૦૨૫ના વિતરણ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

રિજનલ એવોર્ડ્સ ૨૦૨૫ માટે ત્રણ પ્રાઈમરી લેવલ કો-ઓપરેટિવ સોસાયટીઓને બે શ્રેણીમાં પસંદગી કરવામાં આવી હતી. જેમાં બેસ્ટ પ્રાઈમરી ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી અંતર્ગત એક્સલન્સ એવોર્ડ દાદરા નગર હવેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની ધિરાણ અને ગ્રાહક સહકાર મંડળી લિમિટેડ, ટોકરખાડા સેલવાસના ફાળે ગયો હતો. જ્યારે મેરિટ એવોર્ડ ધ પ્રોગ્રેસિવ મલ્ટિપર્પઝ કો-ઓપરેટિવ સોસાયટી ઝાંપાબાર નાની દમણ અને એક્સલન્સ એવોર્ડ ડેરી સેક્ટરમાં બેસ્ટ પ્રાઈમરી કો-ઓપરેટિવ સોસાયટી માટે ઝરી દૂધ ઉત્પાદક સહકારી મંડળીને એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા સંઘપ્રદેશ પ્રશાસનના સહકાર સચિવ શ્રી નિખિલ યુ. દેસાઈએ જમીની સ્તર ઉપર આર્થિક વિકાસને મજબૂત કરવા અને સામુહિક વિકાસના માધ્યમથી સભ્યોને મજબૂત બનાવવા માટે કો-ઓપરેટિવ સોસાયટીઓની ભૂમિકાની ભરપેટ પ્રશંસા કરી હતી.

પ્રારંભમાં એનસીડીસીના રિજનલ ડાયરેક્ટર શ્રી સંજય કુમારે નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશનની વિવિધ સ્કીમોની બાબતમાં વિસ્તૃત માહિતી આપી હતી અને રિજનલ એવોર્ડ્સની પસંદગી માટેના ક્રાઈટેરિયા ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે કો-ઓપરેટિવ સોસાયટીઓને પોતાના સભ્યોની સુખાકારી માટે એનસીડીસીની ઉદાર નાણાકીય સહાય યોજનાનો સક્રિય રૂપથી ફાયદો ઉઠાવવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

એનસીડીસી રિજનલ કો-ઓપરેટિવ એક્સલન્સ એવોર્ડ-૨૦૨૫ માટે રૂા.૩૫,૦૦૦ અને મેરિટ એવોર્ડ-૨૦૨૫ અંતર્ગત રૂા.૨૫,૦૦૦ના પુરસ્કારો આપવામાં આવ્યા હતા. રોકડ પુરસ્કાર ઉપરાંત એવોર્ડ મેળવનારાઓને એક સર્ટિફિકેટ અને સ્મૃતિ ચિહ્ન પણ ભેટ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કો-ઓપરેટિવ પ્રતિનિધિઓ અને અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રકારના આયોજનથી એનસીડીસીના કો-ઓપરેટિવ એક્સલન્સને ઉત્તેજન આપવા અને આ વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિઓને મજબૂત કરવા માટેની પ્રતિબધ્ધતા પણ દેખાઈ હતી.

### દત્તોપંત ઠેંગડી રાષ્ટ્રીય શ્રમિક શિક્ષણ અને વિકાસ બોર્ડ-પ્રાદેશિક નિર્દેશાલય રાજકોટના સહયોગથી

# દામિની વુમન્સ ફાઉન્ડેશન દ્વારા યોજાયો વિશેષ કેમ્પઃ આભા કાર્ડ, આયુષ્માન કાર્ડ, એનસીએસ અને ઈ-શ્રમ કાર્ડની કરાયેલી નોંધણી

### એક નેતા તરીકે લોકોની જરૂરિયાતને સમજવાનું વિઝન અને વિઝનને પૂર્ણ કરવાની ઈચ્છાશક્તિની દમણ ન.પા.ના કાઉન્સિલર અને દામિની વુમન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન સિમ્પલબેન કાટેલાએ કરાવેલી પ્રતિતિઃ ૩૦૦ કરતા વધુ લાભાર્થીઓએ લીધેલો લાભ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૪**

એક નેતા તરીકે લોકોની જરૂરિયાતને સમજવાનું વિઝન અને વિઝનને પૂર્ણ કરવાની ઈચ્છાશક્તિની પ્રતિતિ આજે દમણ ન.પા.ના કાઉન્સિલર અને દામિની વુમન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન શ્રીમતી સિમ્પલબેન કાટેલાએ બતાવી હતી. તેમણે ૩૦૦થી વધુ લાભાર્થીઓના આભા કાર્ડ, આયુષ્માન કાર્ડ, નેશનલ કેરિયર સર્વિસ અને ઈ-શ્રમ કાર્ડ માટે નોંધણી કરાવવાનું મહત્ત્વપૂર્ણ કામ કર્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ભારત સરકાર સાથે સંકળાયેલ દત્તોપંત ઠેંગડી રાષ્ટ્રીય શ્રમિક શિક્ષણ અને વિકાસ બોર્ડ-પ્રાદેશિક નિર્દેશાલય રાજકોટના શિક્ષણ અધિકારી શ્રી મોહનચંદ સેન અને દમણ ન.પા. કાઉન્સિલર શ્રીમતી સિમ્પલબેન કાટેલાની ઉપસ્થિતિમાં યોજાયેલ સેવા કેમ્પમાં ઉદ્યોગો, વ્યવસાયિક પ્રતિષ્ઠાનો તેમજ વિવિધ સંસ્થાઓમાં કાર્યરત મહિલા અને પુરૂષ શ્રમિકોની સ્થળ પર જ ઓનલાઈન નોંધણી કરી સંબંધિત યોજનાઓના લાભ લેવા માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

દામિની વુમન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન અને કાઉન્સિલર શ્રીમતી સિમ્પલબેન કાટેલાના નેતૃત્વમાં દામિની વુમન્સ ફાઉન્ડેશન દ્વારા દત્તોપંત ઠેંગડી રાષ્ટ્રીય શ્રમિક શિક્ષણ અને વિકાસ બોર્ડ-પ્રાદેશિક નિર્દેશાલય રાજકોટના સહકારથી ગઈકાલ તા.૨૩મી ફેબ્રુઆરીના રોજ દમણના દિલીપનગર સ્થિત સેન્ટર ખાતે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૩૦૦થી વધુ લાભાર્થીઓના આયુષ્માન ભારત ડિજિટલ મિશન અંતર્ગત આભા કાર્ડ, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ઈ-શ્રમ કાર્ડ તથા નેશનલ કેરિયર સર્વિસ (એનસીએસ) માટે નોંધણી કરવામાં આવી હતી.

કેમ્પની શરૂઆત દામિની વુમન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન અને દમણ ન.પા.ના વોર્ડ નં.૯ના કાઉન્સિલર શ્રીમતી સિમ્પલબેન કાટેલા તથા બોર્ડના શિક્ષણ અધિકારી શ્રી મોહનચંદ સેન દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રીમતી સિમ્પલબેન કાટેલાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારે નબળા વર્ગો સહિત દરેક વર્ગના હિત માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી છે. જેના કારણે કરોડો નાગરિકો લાભાન્વિત થઈ રહ્યા છે અને આપણાં સંઘપ્રદેશને પણ તેનો અણમોલ ફાયદો મળી રહ્યો છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રીમતી ગાયત્રી ઠક્કર, શ્રીમતી પુનમ સિંઘ, શ્રીમતી મેઘા રાણી, નિશિ, શ્રીમતી તૃપ્તિ પટેલ અને શ્રીમતી નિમિષા દેસાઈ સહિતના કાર્યકરોએ સખત મહેનત કરી હતી.

દામિની વુમન્સ ફાઉન્ડેશન છેલ્લા ઘણાં વર્ષોથી દમણમાં અનેક પ્રકારના લોકજાગૃતિના કાર્યક્રમો યોજી વિવિધ સરકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓની નોંધણી કરાવી તેમને યોજનાઓનો લાભ મળે તેવી વ્યવસ્થા ચેરપર્સન શ્રીમતી સિમ્પલબેન કાટેલાના નેતૃત્વમાં અવિરત થઈ રહી છે. જે પ્રશંસનીય અને અનુકરણીય છે.

**આભા કાર્ડઃ** આભા કાર્ડ ૧૪ અંકની યુનિક ડિજિટલ હેલ્થ આઈ.ડી. છે જે ડિજિટલ હેલ્થ મિશન હેઠળ લાભાર્થીના પ્રિસ્ક્રિપ્શન, લેબ. રિપોર્ટ અને આરોગ્ય ઈતિહાસને સુરક્ષિત રીતે ડિજિટલ સંગ્રહ અને શેર કરવાની સુવિધા આપે છે.







**નેશનલ કેરિયર સર્વિસ (એનસીએસ)**: નેશનલ કેરિયર સર્વિસ (એનસીએસ) રોજગાર શોધનાર અને નિયોજકોને એક ડિજિટલ પ્લેટફોર્મ પર જોડતી પહેલ છે. જે નોકરીશોધ કારકિર્દી માર્ગદર્શન અને કૌશલ્ય વિકાસ જેવી સેવાઓ નિઃશુલ્ક આપે છે.




**ઈ-શ્રમ કાર્ડ**: ઈ-શ્રમ કાર્ડ એ સંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટેનો રાષ્ટ્રીય ડેટાબેઝ છે. જે ૧૨ અંકનો યુ.એ.એન. નંબર આપે છે અને બે લાખ રૂપિયા સુધીના દુર્ઘટના વિમા સહિત વિવિધ સરકારી લાભો સીધા બેંક ખાતામાં પહોંચાડવાનો હેતુ ધરાવે છે.




## સુવિચાર - સદ્‌વિચાર

સારુ બોલવામાં એક પૈસો પણ ખર્ચ નથી થતો
તેથી હંમેશા પ્રેમથી મધુર અને સત્ય વચન બોલો

## કવિતા-ભજન-પદ-ગરબા

### બરફનાં પંખી

અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં
લૂમાં તરતો ઘોર ઉનાળો
અમે ઉઘાડે ડીલે
ઓગળતી કાયાનાં ટીપાં
કમળપાંદડી ઝીલે
ખરતાં પીંછે પડછાતી બપ્પોર મૂકીને નીકળ્યા!
અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં.
લીલાં-સૂકાં જંગલ વચ્ચે
કાબરચીતરાં રહીએ
નભમાં ઊડતાં સાંજ પડે તો
સોનલવરણાં થઈએ
રાત પડે ને ડાળ ઉપરથી કોયલ થઈ ને ટહુક્યાં
અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં.

- અનિલ જોશી

## આજની જોક

ઘરવાળીઃ કહુ છું સાંભળો છો...?
આ લગ્નમાં છોકરો હંમેશા જમણી અને છોકરી હંમેશા ડાબી બાજુ જ કેમ બેસે છે...?
પતિ : નફા-નુકશાની ના ખાતામાં આવક હંમેશા જમણી બાજુ અને ખર્ચા હંમેશા ડાબી બાજુ લખવામાં આવે છે...!!!

## કબીર વાણી

**ફાગણ આવત દેખકે, મન ઝુંરે બનરાય;**
**જીન ડાલી હમ ક્રિડા કિયા, સોહિ પ્યારે જાય.**

**- અર્થાત-**

ફાગણ રૂતુને આવતાં જોઈને ઝાડ, જે જંગલનો રાજા કહેવાય તે મનમાં બળાપો કરે છે કે, જે ડાળીઓ મેં મહેનત કરીને બનાવી તે મારાં બધાં વહાલાંઓ હવે જતાં રહેવાનાં!

## આજનો દિન વિશેષ

### આનંદશંકર બાપુભાઈ ધ્રુવ



આનંદશંકર બાપુભાઈ ધ્રુવ (૨૫ ફેબ્રુઆરી ૧૮૬૯-૭ એપ્રિલ ૧૯૪૨) એક ગુજરાતી વિદ્વાન, લેખક, શિક્ષણવિદ અને બ્રિટિશ ભારતના બોમ્બે પ્રેસિડેન્સીના સંપાદક હતા. ગુજરાતમાં તેમનું નામ 'આચાર્ય (એક વિદ્વાન વ્યક્તિ) તરીકે પૂજનીય છે, અને તેથી તેઓ સામાન્ય રીતે આચાર્ય આનંદશંકર ધ્રુવ તરીકે ઓળખાય છે.

**જીવન :** ગુજરાત યુનિવર્સિટીમાં આનંદશંકર ધ્રુવની પ્રતિમા ધ્રુવનો જન્મ ૨૫ ફેબ્રુઆરી ૧૮૬૯ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમના પિતા કાઠિયાવાડ એજન્સીના અધિકારી હતા અને નિવૃત્તિ પછી બરોડા રાજ્યના એજન્ટ તરીકે કામ કરતા હતા. તેમણે અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અભ્યાસ કર્યો હતો અને નાની ઉંમરે સંસ્કૃત શીખ્યા હતા. માસ્ટર ઓફ આર્ટ્સનો અભ્યાસ કરતી વખતે, તેમણે ૧૮૯૩માં ગુજરાત કોલેજમાં સંસ્કૃત શીખવવાનું શરૂ કર્યું. બાદમાં તેમણે કેટલાક વર્ષો સુધી એલ્ફિન્સ્ટન કોલેજમાં શિક્ષણ આપ્યું. ૧૯૨૦માં તેમને બનારસ હિન્દુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમણે ૧૯૩૬માં રમણભાઈ અને પુષ્પાબેન વકીલ દ્વારા સ્થાપિત સિક્કા નગર, બોમ્બે ખાતે ધ મોર્ડન સ્કૂલનો ઉદ્ઘાટન સમારોહ કર્યો હતો. તેઓ ઈન્ટર યુનિવર્સિટી બોર્ડના અધ્યક્ષ પણ હતા. ૭ એપ્રિલ ૧૯૪૨ના રોજ તેમનું અવસાન થયું.

**કૃતિઓ:** તેમના ઉપનામો મુમુક્ષુ અને હિંદ-હિતચિંતક હતા. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ અને ફિલોસોફિકલ કોંગ્રેસ સહિત અનેક સાહિત્યિક અને ભાષાકીય સંગઠનોનું નેતૃત્વ કર્યુ.

ધ્રુવે ભારતીય ફિલસૂફી અને સંસ્કૃત સાહિત્ય તેમજ પશ્ચિમી ફિલસૂફી અને સંસ્કૃતિના ઘણા પુસ્તકો લખ્યા છે. વધુમાં, તેમણે હિન્દુ ધર્મના સાચા સાર વિશે ચર્ચા કરતા ધર્મ અને ફિલસૂફી પર ઘણા પ્રખ્યાત નિબંધો લખ્યા છે.

તેમણે રામાનુજ દ્વારા લખાયેલ દાર્શનિક કૃતિ શ્રી ભાસ્યનો અનુવાદ કર્યો અને હિન્દુ ધર્મની બાલપોથી (હિન્દુ ધર્મનું પ્રાથમિક પુસ્તક) અને નીતિશિક્ષણ લખ્યું. ૧૮૯૮ માં મનીલાના મૃત્યુ પછી ધ્રુવે થોડા સમય માટે સુદર્શન નામના મેગેઝિનનું સંપાદન કર્યુ અને ૧૯૦૨માં પોતાનું માસિક વસંત શરૂ કર્યું જે લગભગ ૩૬ વર્ષ સુધી ચાલ્યું.

## બ્યુટી ટીપ્સ

**ઓફીસ જતી મહિલાઓ માટે ઉનાળાની ત્વચા સંભાળ ટિપ્સ**

(૧) એક્સફોલિએટઃ ઉનાળા દરમિયાન તમારી ત્વચાને સ્વસ્થ રાખવા માટે, અઠવાડિયામાં એક કે બે વાર એક્સફોલિએટ કરો. આ સનબર્ન અને મૃત ત્વચા કોષોને દૂર કરવામાં મદદ કરે છે, જેનાથી તે ચમકતી રહે છે.

(૨) હંમેશા સનસ્ક્રીન પહેરોઃ યુવી કિરણો સામે રક્ષણ મેળવવા માટે, ઘરની બહાર નીકળતા પહેલા ૧૫-૩૦ મિનિટ પહેલાં ઓછામાં ઓછા SPF 30 વાળું બ્રોડ-સ્પેક્ટ્રમ સનસ્ક્રીન લગાવો.

(૩) મેકઅપ ઓછો કરોઃ ભારે મેકઅપને બદલે, હળવા મિનરલ-આધારિત મેકઅપ અથવા SPF 100 વાળું ટિન્ટેડ મોઈશ્ચરાઈઝર વાપરો, જે તમારી ત્વચાને શ્વાસ લેવામાં મદદ કરે છે.

(૪) કૂલિંગ મિસ્ટ લગાવોઃ ગરમી અને ભેજથી તમારી ત્વચાને શાંત કરવા અને તાજગી આપવા માટે તમારા ચહેરા પર કૂલિંગ મિસ્ટ અથવા ટોનરનો ઉપયોગ કરો.

(૫) હાઈડ્રેટેડ રહોઃ પુષ્કળ પાણી પીઓ અને કાકડી અથવા એલોવેરા જેવા ઠંડક ગુણધર્મો ધરાવતા ઉત્પાદનોનો ઉપયોગ કરો, જેથી તમારી ત્વચા અંદરથી સ્વસ્થ રહે.

**નોંધઃ કોઈપણ નવી પ્રોડક્ટનો ઉપયોગ કરતા પહેલા પેચ ટેસ્ટ કરો.**

# ટ્રમ્પના નવા ગ્લોબલ ટેરિફથી ભારત, ચીન અને બ્રાઝિલને વધારે ફાયદો થશે

## અમેરિકન સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને ચીને કહ્યું હતું કે અમેરિકન કોર્ટે પણ જણાવી દીધું છે કે પ્રમુખ ટ્રમ્પે લાદેલા ટેરિફ ગેરકાયદે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી ,તા.૨૪**

અમેરિકન સુપ્રીમ કોર્ટના ટેરિફ અંગેના ચુકાદા પછી ટ્રમ્પ સામે અનેક પડકારો ઊભા થયા છે. યુરોપીયન યુનિયન (ઇયુ)એ ટ્રમ્પને જણાવી દીધું છે કે તે અગાઉના ૧૦ ટકા ટેરિફમાં કોઈપણ પ્રકારનો વધારો સ્વીકાર નહીં કરે. બીજી બાજુ ટ્રમ્પના ૧૫ ટકા ગ્લોબલ ટેરિફથી ભારત, ચીન અને બ્રાઝિલને અન્ય દેશોની સરખામણીમાં વધારે ફાયદો થશે. અમેરિકન સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને ચીને કહ્યું હતું કે અમેરિકન કોર્ટે પણ જણાવી દીધું છે કે પ્રમુખ ટ્રમ્પે લાદેલા ટેરિફ ગેરકાયદે છે.

ટ્રમ્પના નવા ગ્લોબલ ટેરિફ અંગે એક નવા ડેટા એનાલિસિસ મુજબ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ટ્રમ્પના ૧૫ ટકા ટેરિફના પગલાનો બ્રાઝિલ, ભારત અને ચીનને સૌથી વધુ ફાયદો થશે. ડેટાથી ખબર પડે છે કે જે દેશોની અમેરિકન પ્રમુખે આકરી ટીકા કરે છે તેમને ગ્લોબલ ફ્લેટ રેટ્સથી સૌથી વધુ ફાયદો મળવાની આશા છે. બ્રાઝિલના સરેરાશ ટેરિફ રેટમાં સૌથી વધુ ઘટાડો થશે, જે ૧૩.૬ ટકા હશે. બીજા ક્રમે ચીનના સરેરાશ ટેરિફમાં ૭.૧ ટકા તો ભારતના સરેરાશ ટેરિફમાં છ ટકા ઘટાડો થશે. ચીને પણ ટ્રમ્પને ચેતવણી આપી છે કે તે બિનજરૂરી ટેરિફ ન લાદે. તેના કારણે અનિશ્ચિતતા વધે છે અને અમેરિકાએ પોતે જ પારોઠના પગલાં ભરવા પડે છે. ટેરિફથી બધાને નુકસાન જ છે.

દરમિયાન ચીને દાવો કર્યો કે અમે કહેલી વાતને અમેરિકન સુપ્રીમ કોર્ટે મહોર મારી દીધી છે. અમેરિકન સુપ્રીમ કોર્ટે પોતાના જ પ્રમુખના પગલાંને ખોટું ઠેરવ્યું છે. આ બતાવે છે કે ટ્રમ્પના પગલાંને અમે સાવ એકતરફી અને વિવેકમુનસફી મુજબનું તથા તર્કવિહીન ગણાવ્યું તે વાત યોગ્ય હતી.

યુરોપીયન યુનિયન (ઇયુ)એ જણાવ્યું હતું કે અમેરિકાએ જણાવવું જોઈએ કે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી તે કયા પ્રકારના પગલાં ઉઠાવવાનું છે. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન સ્થિતિ નિષ્પક્ષ, સંતુલિત અને પારસ્પરિક ફાયદાવાળા ટ્રાન્સએટલાન્ટિક વેપાર અને રોકાણ માટ સારી નથી જે ગયા વર્ષે વેપાર સમજૂતીમાં નક્કી થયું હતું. પંચે જણાવ્યું હતું કે ડીલ છેવટે ડીલ જ હોય છે. યુરોપીયન યુનિયનના પંચની પ્રતિક્રિયા પહેલાં કરતાં વધુ આકરી હતી. પહેલા તેણે ફક્ત એટલું જ જણાવ્યું હતું કે તે સુપ્રીમ કોર્ટના ચુકાદાનો અભ્યાસ કરી રહી છે. ઈયુએ જણાવ્યું હતું કે ઇયુ ઉત્પાદકોને સૌથી વધારે સગવડો મળવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે પહેલેથી નક્કી અને બધા વેરાને સામેલ કરતી સરહદથી વધારે ટેરિફ ન વધારવા જોઈએ. અસંબંદ્ધ ટેરિફ વેપારને અવરોધે છે અને વૈશ્વિક બજારોમાં વિશ્વાસને નબળો પાડે છે. અમેરિકન કોર્ટના ટેરિફના આદેશ પછી ભારતે પણ કેટલાક પગલાં લીધા છે. ભારત અને અમેરિકા વચ્ચે ૨૩ ફેબ્રુઆરીના રોજની બેઠક ટળી ગઈ છે. બંને દેશોએ વ્યાપારના આ મહત્ત્વના તબક્કાની મંત્રણા વોશિંગ્ટનમાં જ રીશેડયુલ કરવાનો નિર્ણય લીધો છે. જો કે હજી સુધી તેની આગામી તારીખ નક્કી થઈ નથી. ટ્રમ્પ અમેરિકન સુપ્રીમ કોર્ટના ચુકાદાથી હજી પણ એટલા ભડકેલા છે કે તે સતત તેને નિશાન બનાવી રહ્યા છે. તેમણે સુપ્રીમ કોર્ટને ફરીથી જાણે આરોપીના પીંજરામાં ઊભી કરતા હોય તેમ જણાવ્યું હતું કે કોર્ટે હાસ્યાસ્પદ અને મૂર્ખામીભર્યો ચુકાદો આપ્યો છે. હું હવે લાઈસન્સનો ઉપયોગ કરીને વિદેશો પર આકરાં પગલાં લઈ શકું છું. તેમા પણ ખાસ કરીને અમેરિકાને લૂંટતા દેશોની સામે તો વધુ આકરાં પગલાં લઈ શકું છું. આશ્ચર્યની વાત તો એ છે કે આ ચુકાદાના આધારે હું આ દેશો પર લાઈસન્સ વેરો પણ લગાવી શકતો નથી, જ્યારે દરેક લાઈસન્સ વેરા સાથે જોડાયેલું હોય છે. આવું હોય તો પછી અમેરિકા કેમ તેમ ન કરી શકે. લાઈસન્સ તો વેરો લેવા માટે જ હોય છે. આ ચુકાદામા આ અંગે કશું જણાવાયું નથી, પરંતુ મને તેના જવાબની ખબર છે.

**મુસાફરો માટે ઓનલાઈન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ**

# ST વિભાગ દ્વારા હોળી-ધૂળેટીના તહેવારમાં ૫૭૦ વધારાની બસો ચલાવાશે



**હોળીનો તહેવાર ઉજવી શકે તે માટે નિગમ દ્વારા આગામી ૨૭ ફેબ્રુઆરીથી ૨ માર્ચ દરમિયાન વિશેષ બસો દોડાવવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૨૪**

આગામી હોળી અને ધૂળેટીના પર્વને ધ્યાનમાં રાખીને સુરત એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોની સુવિધા માટે વધારો થાય તે માટે વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુ વિગતો આપતા સુરત એસ.ટી. વિભાગના વિભાગીય નિયામક પી.વી. ગુર્જરે જણાવ્યું હતું કે મધ્ય ગુજરાતના છોટાઉદેપુર, દાહોદ, ગોધરા અને પંચમહાલ જિલ્લાના શ્રમિકો અને નાગરિકો જેઓ રોજગારી અર્થે સુરતમાં સ્થાયી થયા છે, તેઓ પોતાના વતનમાં હોળીનો તહેવાર ઉજવી શકે તે માટે નિગમ દ્વારા આગામી ૨૭ ફેબ્રુઆરીથી ૨ માર્ચ દરમિયાન વિશેષ બસો દોડાવવામાં આવશે.

આ વર્ષે સુરત ડિવિઝન દ્વારા કુલ ૫૭૦ જેટલી વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે, જેથી મુસાફરોને ખાનગી ટ્રાવેલ્સના ઊંચા ભાડા અને ભીડભાડથી મુક્તિ મળી શકે.

મુસાફરોની સગવડતા માટે ભાડાના દરો પણ નિયત કરવામાં આવ્યા છે, જે અંતર મુજબ રૂપિયા ૩૨૫થી લઈને રૂપિયા ૩૫૫ સુધીના રહેશે.

મહત્વની વાત એ છે કે તહેવારના સમયે પણ મુસાફરો પાસેથી કોઈ પણ પ્રકારનો વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે નહીં અને સરકારી નિયમ મુજબના સામાન્ય ભાડામાં જ આ સુવિધા પૂરી પાડવામાં આવશે. મુસાફરોને બોર્ડિંગમાં સરળતા રહે તે માટે સુરતના વિવિધ વિસ્તારો જેવા કે રામનગર રાંદેર રોડ ખાતેથી, સેન્ટ્રલ બસ સ્ટેશન પાસેનું સીટી બસ સ્ટેન્ડ અને ઓલપાડ ખાતેથી બસો ઉપડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસો સાંજે ૪ વાગ્યાથી લઈને રાત્રીના ટ્રાફિક મળશે ત્યાં સુધી ચલાવવામાં આવશે. વધુમાં તેમણે કહ્યું કે મુસાફરો માટે ઓનલાઈન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ છે.

જો કોઈ સોસાયટી કે વિસ્તારના ૫૨ મુસાફરો એકસાથે ગ્રુપ બુકિંગ કરાવશે તો એસ.ટી. નિગમ દ્વારા તે બસને મુસાફરોના ઘર આંગણે (ડોર સ્ટેપ) મોકલવામાં આવશે. આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય દુરથી રોજગારી અર્થે સુરતમાં આવેલા શ્રમિકો પોતાના માદરે વતન હોળી-ધુળેટીનો તહેવાર ધામધુમપૂર્વક મનાવી શકે તે માટે સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરી પૂરી પાડવાનો છે.

સુરતના સેન્ટ્રલ બસ સ્ટેશનની સામે સીટી બસ સ્ટેશન તથા રામનગર રાંદેરથી બસોના ભાડાના દરો જોઈએ તો અમદાવાદ રૂપિયા ૩૨૫, દાહોદના રૂપિયા ૩૫૦, ઝાલોદના રૂપિયા ૩૫૫, ગોધરાના રૂપિયા ૩૦૫, લુણવાડાના રૂપિયા ૩૩૦, કવાંટના રૂપિયા ૩૦૫, છોટાઉદેપુરના રૂપિયા ૩૧૫, ઝાલોદના રૂપિયા ૩૫૫ રહેશે.

**બોરસરા ગામના પાટિયા પાસે લાઈનમાં ભંગાણ**

# કીમ-માંડવી રોડ પર ખોદકામ દરમિયાન ગેસ લાઈનમાં ભંગાણ

**ઘટનાને એક કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં કોઈ પણ જવાબદાર અધિકારી કે ટેકનિકલ ટીમ સમારકામ માટે પહોંચી ન હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૨૪**



સુરતના માંગરોળ તાલુકાના કીમ-માંડવી રોડ પર ગેસ પાઈપલાઈનમાં મોટું ભંગાણ સર્જાયું છે. મોટા બોરસરા ગામના પાટિયા પાસે ચાલી રહેલા ખોદકામ દરમિયાન આ દુર્ઘટના ઘટી હતી. ગેસ લાઈન લીક થવાને કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે લાંબો સમય વીતવા છતાં તંત્ર કે ગેસ કંપનીનો કોઈ જવાબદાર વ્યક્તિ ઘટનાસ્થળે પહોંચ્યો નહોતો. હાલમાં કીમ ગામથી કીમ ચાર રસ્તા સુધી બોક્સ ડ્રેનેજ લાઇન નાખવાનું કામ ચાલી રહ્યું છે.

આ કામગીરી દરમિયાન જેસીબી વડે કરવામાં આવતા ખોદકામને કારણે જમીનમાં રહેલી ગેસ પાઈપલાઈનમાં ભંગાણ પડ્યું હતું. પાઈપલાઈન તૂટતાની સાથે જ મોટા અવાજ સાથે ગેસ લીક થવા લાગ્યો હતો, જેના કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાને એક કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં કોઈ પણ જવાબદાર અધિકારી કે ટેકનિકલ ટીમ સમારકામ માટે પહોંચી ન હતી.વ્યસ્ત એવા કીમ-માંડવી રોડ પર ગેસ લીકેજની આ સ્થિતિ કોઈ મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી શકે તેમ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ખોદકામ કરતી વખતે પૂરતી સાવચેતી ન રાખવાને કારણે વારંવાર આવી ઘટનાઓ બને છે. તંત્ર દ્વારા તાકીદે આ લીકેજ બંધ કરવામાં આવે અને સુરક્ષાના પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે. આ પ્રકારની બેદરકારી ભવિષ્યમાં જાનહાનિનું કારણ બની શકે છે.

**દિલ્હીના લોકો માટે સારા સમાચાર**

# હોળીના તહેવારમાં મફત મળશે LPG ગેસ સિલિન્ડર

**દિલ્હીના મુખ્યમંત્રી કાર્યાલયે ૫ ફેબ્રુઆરીના રોજ સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી શેર કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૪**



દિલ્હીના લોકો માટે સારા સમાચાર છે. તેમને હોળી પર મફત સિલિન્ડર મળશે. રેખા ગુપ્તાની દિલ્હી સરકાર હોળીથી મફત સિલિન્ડર યોજના શરૂ કરશે. આ યોજના હેઠળ, DBT દ્વારા સીધા લાભાર્થીઓના ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવશે. બધા રેશનકાર્ડ ધારકોને મફત સિલિન્ડર મળશે.

માત્ર હોળી પર જ નહીં, પરંતુ દિલ્હીના રેશનકાર્ડ ધારકોને પણ દિવાળી પર મફત ગેસ સિલિન્ડર મળશે.

દિલ્હીના મુખ્યમંત્રી કાર્યાલયે ૫ ફેબ્રુઆરીના રોજ સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી શેર કરી હતી. પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે, "મુખ્યમંત્રી રેખા ગુપ્તાના નેતૃત્વમાં, દિલ્હી સરકારે દિલ્હીના લોકોને આપેલું બીજું એક વચન પૂર્ણ કર્યું છે. હવેથી, બધા રેશનકાર્ડ ધારકોને દર વર્ષે હોળી અને દિવાળી પર મફત ગેસ સિલિન્ડર મળશે. આ વર્ષે હોળીથી શરૂ થનારી આ યોજના હેઠળ, ભંડોળ સીધા લાભાર્થીઓના ખાતામાં DBT દ્વારા ટ્રાન્સફર કરવામાં આવશે."દેશવ્યાપી હોળીનો તહેવાર ૪ માર્ચે ઉજવવામાં આવશે. તે પહેલાં, દિલ્હીના રહેવાસીઓને મફત સિલિન્ડર મળશે. મફત દિવાળી સિલિન્ડર ૮ નવેમ્બર, ૨૦૨૬ ની આસપાસ ઉપલબ્ધ થશે.દિલ્હી સરકારની આ યોજનાનો ખર્ચ આશરે ૨૪૨.૭૭ કરોડ થશે. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું, "અમે અમારા મેનિફેસ્ટોમાં એક વચન આપ્યું હતું.

અમે આ યોજનાને કેબિનેટની બેઠકમાં પસાર કરી. અમે આ માટે ૨૪૨ કરોડ ફાળવ્યા છે. આ હોળી પર, અમે એક સિલિન્ડરની કિંમત, એટલે કે ૮૫૩, બધા રેશનકાર્ડધારકોના ખાતામાં ટ્રાન્સફર કરીશું. અમ PNG નો ઉપયોગ કરનારાઓના ખાતામાં પણ ૮૫૩ ટ્રાન્સફર કરીશું."

# ભાજપ કાર્યકર્તાઓએ કોંગ્રેસનો વિરોધ કરી રાહુલ ગાંધીના પૂતળાનું દહન કર્યુ



**રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસે અનેકવાર વૈશ્વિક ફલક ઉપર ભારત દેશની નિંદા કરી છે હવે ભારતને નીચું દેખાડવાનો પ્રયાસ કર્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર,તા.૨૪**

તાજેતરમાં દિલ્હી ખાતે AI સમિટ યોજાઈ હતી. જેમાં યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિરોધ પ્રદર્શન કરવા પહોંચેલા યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓએ ટીશર્ટ કાઢી અને બેનર સાથે સૂત્રોચ્ચાર દેખાવો કર્યા હતા. હવે ભાજપ પક્ષ કોંગ્રેસની આ નીતિ રીતિને વખોડી રહ્યું છે અને દેશભરમાંથી કોંગ્રેસના આ કૃત્ય સામે ભાજપે વિરોધ કર્યો હોવાના સમાચાર સામે આવી રહ્યા છે, ત્યારે ગાંધીનગરમાં પણ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા અનોખું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે ભાજપના મહિલા મોરચાના સદસ્યો, મહાનગરપાલિકાના કોર્પોરેટર સહિતના મહિલા હોદ્દેદારોએ સત્યાગ્રહ સાથે રાહુલ ગાંધીના પૂતળા સાથે દેખાવો કર્યા હતા. એટલું જ નહીં ભાજપની મહિલા મોરચા દ્વારા સૂત્રોચ્ચાર અને રાહુલ ગાંધી હાય હાયના નારા સાથે તેમજ રાહુલ ગાંધી દેશદ્રોહી તરીકેના પોસ્ટર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને સત્યાગ્રહ છાવણી પાસેના ચાર રસ્તા ખાતે રાહુલ ગાંધીના પૂતળાનું દહન પણ કરવામાં આવ્યું હતું.

લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધી અંગે વિરોધ કરવા આવેલી મહિલાઓએ જણાવ્યું છે કે, દિલ્હી ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય છૈં સમિટમાં વિશ્વના અનેક દેશોના પ્રતિનિધિઓ હાજર હતા. વિશ્વના અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ ભારતના આ પ્રયત્નને આવકારતા હતા. ત્યારે રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસના મળતિયાઓ દ્વારા ભારત દેશને હાસ્યાસ્પદ કહીને દેશ વિરોધી માનસિકતા છતી કરવા આવા પ્રકારનો વિરોધ પ્રદર્શન કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું છે.

રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસે અનેકવાર વૈશ્વિક ફલક ઉપર ભારત દેશની નિંદા કરી છે. હવે ભારતને નીચું દેખાડવાનો પ્રયાસ કર્યો છે.

જે અંતર્ગત આજે ગાંધીનગરની ભાજપના મહિલા મોરચા દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને રાહુલ ગાંધીનું પૂતળા દહન કરવામાં આવ્યું હતું. તેમજ દેશ વિરોધી માનસિકતા આપનાર કોંગ્રેસને સખત શબ્દોમાં વખોડી હતી. નોંધનીય છે કે, આ મામલે પહેલા રાજકોટ સહિતના ગુજરાતના મહાનગરોમાં પણ ભાજપ-કોંગ્રેસ આમને-સામને આવી ચૂક્યા હોવાના સમાચાર સામે આવ્યા હતા. ત્યારે હાલ આ મામલે ભારે રાજકીય માહોલ જામ્યો છે.

# વલસાડની અટકપારડી પ્રાથમિક શાળામાં વિશ્વ માતૃભાષા દિવસની કરાયેલી ઉજવણી




## ગુજરાત સાહિત્ય અકાદમી એ ભાષાનું પિયર છેઃ રમેશ ચાંપાનેરી

## મા, માતૃભાષા, માતૃભૂમિનું મહત્ત્વ સમજીએઃ ડૉ. આશા ગોહિલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અટકપારડી પ્રાથમિક શાળા તથા પુસ્તક પરબ, વલસાડના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી થઈ હતી.

આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નીરવભાઈ સોલંકીએ પ્રસંગોચિત વક્તવ્ય આપતાં શાળાને, આચાર્યને અભિનંદન આપી એમના કામને બિરદાવી, માતૃભાષાનું મહત્વ ટૂંકમાં ઉદાહરણ સહિત સમજાવ્યું હતું. વક્તાશ્રી ટીનાબેન પટેલે (શિક્ષક, ચાસા પ્રાથમિક શાળા) બાળકોને ધ્યાનમાં લઈ તેમની વાતો બાળ સહજભાવે મૂકી હતી. બાળકને વાતોમાં રસ પડે એ રીતે નાની નાની વાર્તાઓ કહી સરસ બોધપાઠ પૂરો પાડ્યો હતો.

વલસાડના જાણીતા હાસ્ય કલાકારશ્રી રમેશભાઈ ચાંપાનેરીએ વિદ્યાર્થીઓને મોજ કરાવી હતી. તેમના વક્તવ્યમાં નાના નાના રમૂજ ઉત્પન્ન થાય તેવા ટુચકાઓ કહી હાસ્યની છોડો ઉડાડી હતી. આ સમયની અનુભૂતિએ જીવનમાં હાસ્યનું મહત્વ પણ સમજાવી દીધું હતું. શ્રી ઝવેરચંદ મેઘાણીની 'ચારણકન્યા' ગાઈ ત્યાં તો આખેઆખી ચારણ કન્યા તાદ્રશ થઈ ઊઠી હતી.

અટકપારડી પ્રાથમિક શાળાના આચાર્યશ્રી રીટાબેન આઈ. કટારિયાએ આવકાર પ્રવચન કર્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષશ્રી ડૉ.ભાગ્યેશ જહાનો શુભેચ્છા સંદેશ સૌએ સાંભળ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોનો પરિચય કાર્યક્રમના સંયોજકશ્રી પુસ્તક પરબ, વલસાડના ડૉ. આશા ગોહિલે (આટ્ર્સ એન્ડ કોમર્સ, કૉલેજ, મોટાપોંઢા) એ કરાવી મા, માતૃભાષા, માતૃભૂમિનું મહત્વ સમજાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સુરેશભાઈ પટેલે કર્યું હતું. આભારવિધિ ડૉ. આશા ગોહિલે કરી હતી. સૌએ માતૃભાષામાં હસ્તાક્ષર કરી ધન્યતા અનુભવી હતી. વલસાડના બી.આર.સી કો-ઓર્ડીનેટર મિતેશકુમાર પટેલનો કાર્યક્રમની સફળતા ઈચ્છતો શુભેચ્છા સંદેશ પ્રાપ્ત થયો હતો.

# વલસાડમાં ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષાના કેન્દ્રોથી ૧૦૦ મીટર વિસ્તારમાં ઝેરોક્ષ મશીનો ચલાવવા ઉપર પ્રતિબંધ

## ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યક્તિઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ જિલ્લામાં તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા. ૧૮/૦૩/૨૦૨૬ સુધી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ની અને ધોરણ-૧૨ની જિલ્લાના વલસાડ ઝોન અને વાપી ઝોનના કુલ ૧૨૮ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા યોજાશે. આ પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના પરીક્ષા આપી શકે અને બિલ્ડિંગ કંડકટરો અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પૂર્વક પરીક્ષાનું સંચાલન કરી શકે તે દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે વલસાડના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહિપાલસિંહ ચુડાસમાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ મુજબ મળેલી સત્તાની રૂએ જાહેરનામુ બહાર પાડ્યુ છે. જે મુજબ, પરીક્ષા દરમિયાન સભા સરઘસના આયોજન કરવા ઉપર તથા તમામ પરીક્ષા કેન્દ્રની હદથી ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ઝેરોક્ષ મશીનો અને લાઉડ સ્પીકરો બંધ રાખવા અને બિનઅધિકૃત વ્યક્તિઓ, ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતા અટકાવવા ઉપર પ્રતિબંધ મુક્યો છે.

પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૯-૦૦થી સાંજે ૭-૩૦ વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી. પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૯-૦૦થી સાંજે ૭-૩૦ વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં લાઉડસ્પીકર તથા કોઈપણ પ્રકારના સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરવો નહીં. ઉપરોક્ત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતિમાં મદદ કરવાના બદ-ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યક્તિઓએ પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું કે કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ ચીજવસ્તુઓ ઈલેક્ટ્રોનિક આઈટમ, પુસ્તક, કાપલીઓ કે ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં તેમજ કરવવામાં મદદગીરી કરવી નહીં. પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓએ મોબાઈલ કે પરીક્ષામાં ચોરી ગણી શક્ય તેવા કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા નહીં. તમામ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં પરીક્ષાની તારીખે સવારે ૯-૦૦ થી સાંજે ૭-૩૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમિયાન ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

લગ્નના વરઘોડા (સાઉન્ડ સીસ્ટમ વગર)ને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઈડ વ્યક્તિઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીઓ, કેન્દ્રના સંવાહકો, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવી નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓને લાગુ પડશે નહી. આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યક્તિઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેથી ઉપરના હોદ્દા ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

# ઓલપાડનાં કાંઠા વિસ્તાર સ્થિત તેનાનીરાંગ પ્રાથમિક શાળાએ શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ મેળવ્યો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ,તા.૨૪**

તાજેતરમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાનાં તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઇનામ વિતરણ, શ્રેષ્ઠ શાળા સન્માન, રાજ્ય કક્ષાએ રમતગમતમાં ભાગ લેનાર બાળકોને સહાય તથા નિવૃત્ત શિક્ષક સન્માન અંગેનો વિશેષ કાર્યક્રમ ઓલપાડ તાલુકાનાં અણીતા ગામ સ્થિત જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ, વિદ્યાદીપ કેમ્પસ ખાતે યોજવામાં આવ્યો હતો.

જિલ્લા કક્ષાના કાર્યક્રમ આ કાર્યક્રમમાં સને ૨૦૨૫/૨૬ દરમિયાન પ્રવેશોત્સવ, ગુણોત્સવ, વિજ્ઞાનમેળો, પ્રાર્થના સંમેલન, બાહ્ય પરીક્ષા ભાગીદારી, સાંસ્કૃતિક કાર્યક્રમ વિદ્યાર્થીઓની હાજરી, શાળાની ભૌતિક સુવિધાઓ જેવાં માપદંડોનાં સર્વેનાં આધારે ઓલપાડ તાલુકાનાં કાંઠા વિસ્તારની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત તેનાનીરાંગ પ્રાથમિક શાળાને શ્રેષ્ઠ શાળા તરીકે પસંદ કરી અત્રે ઉપસ્થિત મહાનુભવોનાં હસ્તે પ્રમાણપત્ર તથા રૂપિયા ૭૦,૦૦૦ની રોકડ રકમનો ચેક પ્રોત્સાહક ઈનામરૂપે અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.શાળાનાં આચાર્ય શ્રી જયેશભાઈ પટેલે આ સન્માન સહર્ષ સ્વીકારી આભાર વ્યક્ત કર્યો હતો.

શાળાની આ ઉપલબ્ધિ બદલ ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ શ્રી બળદેવભાઈ પટેલ, મહામંત્રી શ્રી મહેન્દ્રસિંહ ઠાકોર, શાળા વ્યવસ્થાપન સમિતિ, વાલીજનો સહિત ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતાં.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લામાં રોડ કનેક્ટિવીટી વધુ સુદૃઢ બનાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

## ૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા-તાલુકા મુખ્ય મથક સાથેની અવર-જવરની સગવડતા આપવા નર્મદા જિલ્લામાં ૨ નવા બ્રિજ માટે ૩૦૨.૪૦ કરોડ રૂપિયા મંજૂર કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ગાંધીનગર, તા.૨૪**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયના આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લાના ૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા મુખ્ય મથક અને તાલુકા મથક સાથેની અવર-જવરની સરળ કનેક્ટિવીટી માટેનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર નર્મદા જિલ્લામાં ૨ નવા પૂલોના નિર્માણ માટે ૩૦૨.૪૦ કરોડ રૂપિયાના કામોની મંજૂરી આપી છે. તદનુસાર, નર્મદા જિલ્લાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટ ઉપર પુલ માટે ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પુલ માટે ૧૭૯.૨૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આદિજાતિ ક્ષેત્ર નર્મદા જિલ્લામાં આ બે પુલના નિર્માણથી ઉત્તર અને દક્ષિણ વિસ્તારના તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ સહિતના ગામોમાં વસતા ગ્રામજનોને પણ અવર-જવર માટે સુગમતા રહેશે તથા આ વિસ્તારમાંથી શાળા-કોલેજોમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને ચોમાસાના સમય દરમિયાન પણ આવવા-જવામાં સુવિધાયુક્ત રસ્તાની સવલત મળશે.

એટલું જ નહિ, નાંદોદ અને તિલકવાડા તાલુકામાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન યોજાતી ઉત્તરવાહિની પરીક્રમામાં આવતા લાખો પરીક્રમા વાસીઓને ભવિષ્યમાં આ બંન્ને પૂલોનો લાભ મળવાથી કુલ ૧૭ કિલોમીટરનો ફેરાવો ઘટશે અને સમય તથા ઈંધણની પણ બચત થશે.

# ઓલપાડની અંભેટા પ્રાથમિક શાળામાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની અનોખી રીતે ઉજવણી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૨૪**

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ૨૦૨૬ નિમિત્તે ઓલપાડ તાલુકાની અંભેટા પ્રાથમિક શાળા ખાતે અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી ફક્ત જ્ઞાન સાથે ગમ્મત સુધી સીમિત ન હતી, પરંતુ પોતાની માતા પ્રત્યેની લાગણીઓને શાળાનાં બાળકોએ મોટેરાઓની જેમ ભાષણ કે વક્તવ્યથી નહીં પણ પોતાની માતા પાસે શીખેલ તળપદી બોલી તેમજ ભાષામાં લોકગીત, લગ્ન ગીત, ટૂંકા નાટકો અને ટુચકાઓરૂપે વહેતી મૂકી હતી.

આ ઉજવણી પ્રસંગે શાળાનાં મુખ્યશિક્ષક સ્ટાફગણ અને અદાણી ફાઉન્ડેશનનાં ઉત્થાન સહાયકની સહભાગીતા તો ખરીજ, પરંતુ મધ્યાહન ભોજનનાં વ્યવસ્થાપક બહેને પણ માતા તરીકે બાળકોને મહેનત તેમજ પ્રેમનો સમન્વય જીવનમાં કેટલો જરૂરી છે તેમ સંદેશ આપ્યો. આજનું શાળાનું વાતાવરણ લાગણીસભર બની રહ્યું છે. જીવનનું શિક્ષણ તો દરેક વ્યક્તિ પોતાનાં વ્યક્તિગત અનુભવોથી લેતુ જ હોય છે પણ તેને સ્પષ્ટ, સરળ તેમજ સમજી શકાય તેવી વાચા તો માતૃભાષા જ આપે છે. શાળા દ્વારા ઉજવણી કરવામાં આવેલા આ દિવસને શાળા પરિવારે સમાજને એક ઉદાહરણ પુરુ પાડ્યું કે બાળકોનાં શિક્ષણનો વ્યાપ સાક્ષરતા કે જાણકારી સુધી સીમિત ન રાખી જીવનનાં ઘડતર માટે માતૃભાષા એ માતાની સંસ્કૃતિ, મૌખિક અને અમૌખિક સાહિત્ય અને વિશ્વ શાંતિ ફેલાવવા માટે શિક્ષણ વ્યવસ્થામાં ખૂબ જરૂરી છે.

# વલસાડના મોગરાવાડીથી ૬૮ વર્ષીય રંજનબેન દરજી ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ તાલુકાના મોગરાવાડી ખાતે મહાદેવનગરમાં સાંઈરામ કોમ્પલેક્ષના બી-૨૧૦માં રહેતા ૬૮ વર્ષીય રંજનબેન ગોપાલભાઈ દરજી તા.૦૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે વલસાડના નાની ખત્રીવાડ ખાતે બેંક ઓફ બરોડા પાસે મિતુલ ચેમ્બર્સમાં રહેતા બહેનના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક જતા રહ્યા હતા. ગુમ થનારના દીકરા મનિષ ગોપાલભાઈ દરજીએ વલસાડ સિટી પોલીસ મથકે માતા ગુમ થયાની જાણ કરી હતી.

રંજનબેન શરીરે મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ ચાર ઈંચ ઉંચાઈ ધરાવે છે. જેમણે શરીરે લાલ કલરની બાંધણીની સાડી અને કાળા કલરની ચંપલ પહેરેલી હતી. જેઓ ગુજરાતી ભાષા સારી રીતે બોલી અને સમજી શકે છે. જે કોઈને પણ રંજનબેન દરજીની ભાળ મળે તો વલસાડ સિટી પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું હતું.

# ઘરે ઝઘડો કરી નાનાપોંઢાના લવાછાથી અશોક સરાફ ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના લવાછા ગામમાં અંબિકા પાર્ક સોસાયટીના બાલાજી પાર્કમાં ફ્લેટ નં.૧૦૭માં રહેતા ૩૩ વર્ષીય અશોક મહેશ સરાફ (મૂળ રહે.ગામ રતનગઢ, પોસ્ટ રતનગઢ, જિ.ચરૂ, રાજસ્થાન) તા.૨૨/૦૧/૨૬ના રોજ રાત્રિના ૨૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દારૂ પી ઝઘડો કરી કોઈને કંઈ પણ કહ્યા વિના ક્યાંક ચાલી નીકળ્યો હતો. જે કોઈને પણ અશોક સરાફની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે સંપર્ક નં.૯૪૦૮૯૩૧૨૭૭ અથવા ૯૩૨૮૩૭૦૬ ૫૨ ૫૨ જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓમાં કૃષિ સખી અને પશુ સખીને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સ્ટાફ દ્વારા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના પ્રચાર પ્રસાર અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ કામ કરતા કૃષિ સખી અને પશુ સખીને દરેક તાલુકાની તાલુકા પંચાયત કચેરીમાં ત્રણ દિવસીય પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી હતી.

તાલીમના પ્રથમ બે દિવસ પ્રાકૃતિક ખેતી વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ આગામી દિવસોમાં વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધુમાં વધુ વિસ્તરે તે માટેના સંકલ્પ લીધા હતા.

# નવસારી જિલ્લામાં ''જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ'' શરૂ કરવામાં આવશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૪**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં નવસારી જિલ્લામાં ''જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ'' શરૂ કરવામાં આવનાર છે. જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર નવસારી દ્વારા જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) શરૂ કરવા માટે રસ ધરાવતી શાળાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

જે અન્વયે રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૩ એકર જમીન જેમાં શાળામાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોર રમતની માળખાકીય સુવિધાઓ, ઓછામાં ઓછા ૨૦૦ વિદ્યાર્થીઓ ભાઈ-બહેનોના નિવાસ માટે હોસ્ટેલની સુવિધા, છેલ્લા ત્રણ વર્ષમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ કક્ષાએ પરિણામમાં સાતત્યપૂર્ણ દેખાવ, લઘુત્તમ ૭૦ ટકા પરિણામ, પ્રાથમિક ખેલ સુવિધા અને વિકસિત મેદાન ઉપલબ્ધ હોય તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

લાયકાત ધરાવતી શાળાઓએ તા.૧૧/૦૩/૨૦૨૬ના કચેરી સમય દરમ્યાન આધાર-પુરાવા સાથે જિલ્લા રમત વિકાસ અધિકારી ઓફિસ નંબર ૧/૨, સેકન્ડ ફ્લોર જવાહલાલ નેહરુ શોપિંગ સેન્ટર, મોંઢ ઘાંચી પંચની વાડી સામે, ગુજરાત સમાચારની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી સરનામે રજી.એડી પોસ્ટ અથવા રૂબરૂ પહોંચાડવાની રહેશે. આ અગાઉ અરજી કરેલ હોય તેઓએ પણ ફરજીયાત પુનઃ અરજી કરવાની રહેશે. આ અંગે વધુ વિગત માટે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નવસારીની કચેરીએ સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899 / સુરેશ ઉમતિયા - 98259 89444

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# વિકાસના નવા-નવા સોપાન સર કરી રહી છે ભારત અને ફ્રાન્સ વચ્ચેની મિત્રતા

**ભા**રતે તેની આર્થિક અને વ્યૂહાત્મક તાકાતનો વિસ્તાર કરવા માટે નક્કર કાર્યયોજના અમલી બનાવી છે. આ યોજના તળે મિત્ર દેશોની સાથેના સંબંધોને નવા પરિમાણ આપતી સંધી અને કરાર પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. મંગળવારે મુંબઈમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મેક્રોં વચ્ચે થયેલી વાટાઘાટો બાદ બંને દેશ વચ્ચે અલગ-અલગ વિષયો પર ૨૧ સમજૂતી થઈ છે. આ સમજૂતીઓથી બંને દેશ વચ્ચેની મિત્રતા વધુ ગાઢ બની છે અને તેને પગલે સંબંધોને ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીનું નવું સ્વરૂપ મળ્યું છે.



ભારત અને ફ્રાન્સ વચ્ચેની મિત્રતા અતૂટ રહી છે. નવા-નવા કરારથી આ મિત્રતાને નવું સ્વરૂપ મળતું રહ્યું છે, પણ હાલના વૈશ્વિક સમીકરણોમાં આ સંબંધોને દ્વિપક્ષીય પરીભાષાની સાથોસાથ દુનિયાની સ્થિરતાની જરૂરતોને અનુરૂપ ઢાળવાની અનિવાર્યતા સતત સામે આવતી રહી છે. ફ્રાન્સ સાથે થયેલી ૨૧ સમજૂતીથી બંને દેશ વચ્ચેના વેપાર અને આધુનિક ટેક્નોલોજીના આદાન-પ્રદાનને વધુ મજબૂત કરાશે તેની સાથોસાથ સંરક્ષણ ક્ષેત્રે પણ ભારતની સ્થિતિ મજબૂત બનશે. ખાસ તો ભારત અને ફ્રાન્સે પરસ્પર રોકાણને વધારવા માટે એક ખાસ સમજૂતી કરી છે, જેનાથી બંને દેશના નાગરિકો અને કંપનીઓને બેવડો કર ચૂકવવામાંથી રાહત મળશે. આ સમજૂતીથી દ્વિપક્ષીય વેપાર, રોકાણ અને આવન-જાવનને નવો વેગ મળી શકશે. સાથોસાથ ફ્રાન્સની મદદથી કર્ણાટકમાં એરબસ એચ ૧૨૫ હેલિકોપ્ટરોના એસેમ્બલી પ્લાન્ટ શરૂ કરાયો છે. કાર્યરત થઈ ગયેલા આ પ્લાન્ટમાં માઉન્ટ એવરેસ્ટ જેવા ઊંચા પર્વતો સુધી ઊડી શકે એવા શક્તિશાળી હેલિકોપ્ટરો તૈયાર કરાશે.



રાફેલ યુદ્ધ વિમાનોની ખરીદી અંગે સંમતિ જાહેર થઈ ગઈ છે. આવનારા દિવસોમાં આ માટેના સત્તાવાર કરારની પણ તૈયારી છે. દરમ્યાન ફ્રાન્સની સરંક્ષણ ઉત્પાદન કંપની સૈફરાન અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે હૈમર મિસાઈલોના ઉત્પાદનનો પણ કરાર થયો છે. આ કરારથી બંને દેશ વચ્ચેના સંરક્ષણ ક્ષેત્રના સહયોગમાં નવો અધ્યાય જોડાઈ ગયો છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા થોડા સમયથી ભારતે વેપાર સહયોગ વધારતા કરાર વિવિધ દેશો સાથે કર્યા છે. બ્રિટન અને ઓમાન સાથે વેપાર કરાર બાદ ન્યૂઝીલેન્ડ અને યુરોપીયન યુનિયનની સાથે મુક્ત વેપારના કરારને આખરી ઓપ અપાયો છે. ભારતની સામે ૫૦ ટકા ટેરિફ લગાવીને વેપારના સંબંધોમાં કડવાશ ઊભી કરનારા અમેરિકાને પણ હવે આ ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવાની ફરજ પડી છે. બંને દેશે વચગાળાના વેપાર કરારની જાહેરાત કરીને આર્થિક સહયોગ ફરી પાટે ચડાવ્યો છે. ફ્રાન્સ સાથે વેપારની સાથોસાથ સંરક્ષણ ક્ષેત્રના સહયોગને વધારવા જે રીતે પ્રગતિ સધાઈ રહી છે તે સાવ અનોખી છે. બંને દેશ વચ્ચેની મિત્રતા વિકાસના નવા-નવા સોપાન સર કરી રહી છે.

# અપરિવર્તનશીલ પરમાત્માતત્વની સાથે આપણો સ્વતઃ સિદ્ધ નિત્ય સંબંધ છે

જ્યારે જે સમયે જે ગુણની વૃદ્ધિ થાય છે ત્યારે તે સમયે તે ગુણ આપણા ઉપર છવાય જાય છે, પછી તે આપણી પાસે ફરજીયાત ક્રિયા કરાવે છે, ન ઈચ્છા હોય તો પણ ક્રિયા કરાવે છે. આવી ક્રિયાને પ્રકૃતિના ગુણો દ્વારા થનારી ક્રિયા કહેવાય, આવું હોવા છતાં અહંકારથી વિમૂઢ થયેલો જીવાત્મા પોતાને જ કર્તા માની બેસે છે તે યોગ્ય નથી. આ જ વાતને આગળના શ્લોક(૩/૨૮)માં દ્રઢ કરે છે.

**तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः**
**गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते**

(તુ-પરંતુ, મહાબાહો-હે મહાબાહો, ગુણકર્મવિભાગયોઃ-ગુણવિભાગ અને કર્મવિભાગના, તત્ત્વવિત્-તત્વને જાણનાર મહાપુરૂષ તો, ગુણાઃ-સમસ્ત ગુણો જ, ગુણેષુ-ગુણોમાં, વર્તન્તે-વર્તી રહ્યા છે, ઈતિ-એમ, મત્વા-સમજીને એમનામાં, ન સજ્જતે-આસક્ત થતો નથી.)

પરંતુ હે મહાબાહો ગુણવિભાગ અને કર્મવિભાગના તત્વને જાણનાર મહાપુરૂષ તો સમસ્ત ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે એમ સમજીને એમનામાં આસક્ત થતો નથી.

સત્વરજ અને તમઆ ત્રણે ગુણો પ્રકૃતિજન્ય છે. આ ત્રણે ગુણોનું કાર્ય હોવાથી સમષ્ટિ સૃષ્ટિ ત્રિગુણાત્મકા છે. આથી શરીર, મન, બુદ્ધિ, પ્રાણી, પદાર્થ વગેરે બધાં ગુણમય જ છે. આ 'ગુણવિભાગ' કહેવાય. આ શરીર વગેરેથી થવાવાળી ક્રિયા 'કર્મવિભાગ' કહેવાય છે. ગુણો અને કર્મો એટલે કે પદાર્થો અને ક્રિયાઓ નિરંતર પરિવર્તનશીલ છે. પદાર્થો ઉત્પન્ન અને નષ્ટ થવાવાળા છે તથા ક્રિયા આરંભ અને સમાપ્ત થવાવાળી છે. આવો અનુભવ કરવો એને જ ગુણ અને કર્મવિભાગને તત્વથી જાણવું કહેવાય. ચેતન સ્વરૂપમાં ક્યારેય કોઈ ક્રિયા થતી નથી. તે સદા નિર્લિપ્ત અને નિર્વિકાર રહે છે એટલે કે તેનો કોઈપણ પ્રાકૃત પદાર્થ અને ક્રિયા સાથે સંબંધ હોતો નથી, આવો અનુભવ કરવો એને જ ચેતનને તત્વથી જાણવું કહેવાય.

અજ્ઞાની પુરૂષ જ્યારે આ ગુણવિભાગ અને કર્મવિભાગ સાથે પોતાનો સંબંધ માની લે છે ત્યારે તે બંધાઈ જાય છે. શાસ્ત્રીય દ્રષ્ટિએ તો આ બંધનનું મુખ્ય કારણ 'અજ્ઞાન' છે પણ સાધકની દ્રષ્ટિએ 'રાગ' જ મુખ્ય કારણ છે. રાગ 'અવિવેક'થી થાય છે. વિવેક જાગ્રત થતાં રાગ નષ્ટ થઈ જાય છે. આ વિવેક મનુષ્યમાં વિશેષરૂપે હોય છે. આવશ્યકતા કેવળ આ વિવેકને મહત્ત્વ આપીને જાગ્રત કરવાની છે. આથી સાધકે વિવેક જાગ્રત કરીને વિશેષરૂપે રાગને જ દૂર કરવો જોઈએ. તત્ત્વને જાણવાની ઈચ્છા રાખવાવાળો સાધક પણ જો ગુણ અને કર્મ સાથે પોતાનો કોઈ સંબંધ ન માને તો તે પણ ગુણવિભાગ અને કર્મવિભાગને તત્ત્વથી જાણી લે છે.

ગુણ અને કર્મવિભાગને તત્વથી જાણવાનો ઉપાય.

શરીરમાં રહીને પણ ચેતનતત્વ(સ્વરૂપ) સર્વથા અક્રિય અને નિર્લિપ્ત રહે છે. (૧૩/૩૧) શરીર, ઈન્દ્રિયો મન, બુદ્ધિ વગેરે બધાં પ્રકૃતિનાં કાર્યો છે અને પોતે તેમનાથી સર્વથા અસંબદ્ધ અને નિર્લિપ્ત છે. આથી તેઓમાં થવાવાળી ક્રિયાઓનો કર્તા પોતે કેવી રીતે હોઈ શકે? આ રીતે પોતાને પદાર્થ તેમજ ક્રિયાઓથી અલગ અનુભવ કરવાવાળો બંધનમાં પડતો નથી. 'હું કંઈપણ કરતો નથી' એવો અનુભવ કરવો એને જ પોતાને ક્રિયાઓથી અલગ જાણવો એટલે કે અનુભવ કરવો કહેવાય છે.

જોવું સાંભળવું, ખાવું-પીવું વગેરે બધી ક્રિયાઓ છે અને જોવા-સાંભળવા વગેરેના વિષયો, ખાવાપીવાની સામગ્રી વગેરે બધા 'પદાર્થો' છે. આ ક્રિયાઓ અને પદાર્થોને આપણે પાંચ જ્ઞાનેન્દ્રિયો આંખ, કાન, નાક, જીભ, ત્વચા વડે જાણીએ છીએ. ઈન્દ્રિયોને 'મન' વડે, મનને 'બુદ્ધિ' વડે અને બુદ્ધિને માનેલા 'અહમ્' વડે જાણીએ છીએ. આ 'અહમ્' પણ એક સામાન્ય(ચેતન)




વડે પ્રકાશિત થાય છે. તે સામાન્ય પ્રકાશ જ બધાનો જ્ઞાતા, બધાનો પ્રકાશક અને આધાર છે.

'અહમ્'થી પર પોતાના સ્વરૂપચેતનને કેવી રીતે જાણવું? ગાઢ નિંદ્રામાં જો કે બુદ્ધિ અવિદ્યામાં લીન થઈ જાય છે છતાં પણ મનુષ્ય જાગી જતાં કહે છે કે 'હું' બહુ જ સુખેથી ઉંઘ્યો. આ રીતે જાગ્યા બાદ 'હું છું'નો અનુભવ બધાને થાય છે. આથી સિદ્ધ થાય છે કે સુષુપ્તિકાળમાં



**ગીતામૃતમ્**

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

પણ પોતાની સત્તા હતી. જો એવું ના હોત તો 'હું બહુ જ સુખેથી ઉંઘ્યો, મને કંઈપણ ખબર નહોતી' એવી સ્મૃતિ કે જ્ઞાન ન થાત. સ્મૃતિ અનુભવજન્ય હોય છે. તેથી જ બધાને પ્રત્યેક અવસ્થામાં પોતાની સત્તાનો અખંડ અનુભવ થાય છે. કોઈપણ અવસ્થામાં પોતાના અભાવનો (હું નથી એવો) અનુભવ થતો નથી. જેઓએ માની લીધેલા અહમ્ હુંપણા સાથે પણ સંબંધ વિચ્છેદ કરીને પોતાના સ્વરૂપ (છે)નો બોધ કરી લીધો છે તેઓ 'તત્ત્વવિત' કહેવાય છે.

અપરિવર્તનશીલ પરમાત્માતત્ત્વની સાથે આપણો સ્વતઃ સિદ્ધ નિત્ય સંબંધ છે. પરિવર્તનશીલ પ્રકૃતિની સાથે આપણો સંબંધ વસ્તુતઃ છે નહિ કેવળ માની લીધેલો છે. પ્રકૃતિ સાથે માની લીધેલ સંબંધને જો વિચાર દ્વારા દૂર કરીએ તો તેને 'જ્ઞાનયોગ' કહે છે, અને જો તે સંબંધને પરહિતાર્થે કર્મ કરતાં કરતાં દૂર કરીએ તો તેને 'કર્મયોગ' કહે છે. પ્રકૃતિથી સંબંધવિચ્છેદ થતાં જ 'યોગ' પરમાત્મા સાથે નિત્ય સબંધનો અનુભવ થાય છે. અન્યથા કેવળ જ્ઞાન અને કર્મ જ થાય છે. આથી પ્રકૃતિ સાથે સંબંધવિચ્છેદપૂર્વક પરમાત્મા સાથે પોતાના નિત્ય સંબંધને ઓળખવાવાળો જ 'તત્વવિત્' છે.

ગુણા ગુણેષુ વર્તન્તેપ્રકૃતિજન્ય ગુણોથી ઉત્પન્ન થવાના કારણે શરીર, ઈન્દ્રિયો, મન,બુદ્ધિ વગેરે પણ 'ગુણો' જ કહેવાય છે અને તેમનાથી જ સઘળાં કર્મો થાય છે. અવિવેકના કારણે અજ્ઞાની પુરૂષ આ ગુણોની સાથે પોતાનો સંબંધ માનીને એમનાથી થવાવાળી ક્રિયાઓનો કર્તા પોતાને માની લે છે, પરંતુ 'પોતાના'માં પોતાની સ્વતઃ સિદ્ધ સ્થિતિનો અનુભવ થતાં 'હું કર્તા છું' એવો ભાવ આવી શકતો નથી.

રેલગાડીનું એન્જીન ચાલે છે એટલે કે એમાં ક્રિયા થાય છે પરંતુ ખેંચવાની શક્તિ એન્જીન અને ડ્રાઈવરના સંયોગથી આવે છે. વાસ્તવમાં ખેંચવાની શક્તિ તો એન્જીનની જ છે પરંતુ ડ્રાઈવર દ્વારા સંચાલન કરવાથી જ તે ગંતવ્ય સ્થાન પર પહોંચી જાય છે. કારણ કે, એન્જીનમાં ઈન્દ્રિયઓ, મન અને બુદ્ધિ નથી એટલા માટે તેને ઈન્દ્રિયો મન અને બુદ્ધિવાળા ડ્રાઈવરની આવશ્યકતા પડે છે પરંતુ મનુષ્ય પાસે શરીરરૂપી એન્જીન છે પણ સંચાલનના માટે ઈન્દ્રિયોમન અને બુદ્ધિ પણ છે. શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ આ ચારેય એક સામાન્ય પ્રકાશ(ચેતન) વડે સત્તાસ્ફુર્તિ મેળવીને જ કાર્ય કરવામાં સમર્થ થાય છે. જ્ઞાનનું પ્રતિબિંબ બુદ્ધિમાં આવે છે, બુદ્ધિના જ્ઞાનને મન ગ્રહણ કરે છે, મનના જ્ઞાનને ઈન્દ્રિયો ગ્રહણ કરે છે અને પછી શરીરરૂપી એન્જીનનું સંચાલન થાય છે. મન, બુદ્ધિ, ઈન્દ્રિયો, શરીર એ સઘળે સઘળા ગુણો છે અને તેમને પ્રકાશિત કરવાવાળો, સત્તા સ્ફુર્તિ આપવાવાળો 'પોતે' આ ગુણોથી અસંબદ્ધ અને નિર્લિપ્ત રહે છે. આથી વાસ્તવમાં તમામ ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે. જ્ઞાની મહાપુરૂષ સઘળા ગુણો જ ગુણોમાં વર્તી રહ્યા છે એવો અનુભવ કરીને તેઓમાં આસક્ત થતા નથી તેવી જ રીતે સાધકે પણ તેવું જ માનીને તેઓમાં આસક્ત ના થવું.

આકર્ષણ હંમેશાં સજાતિયતામાં જ થાય છે. જેમકે કાનોનું શબ્દમાં, ત્વતાનું સ્પર્શમાં, નેત્રોનું રૂપમાં, જીભનું રસમાં અને નાકનું ગંધમાં આકર્ષણ થાય છે. આ રીતે પાંચ ઈન્દ્રિયોનું પોતપોતાના વિષયમાં જ આકર્ષણ થાય છે. એક ઈન્દ્રિયનું બીજી ઈન્દ્રિયના વિષયમાં ક્યારેય આકર્ષણ થતું નથી. આકર્ષણ થવામાં મૂળ કારણ બંન્નેની સજાતીયતા છે. આકર્ષણપ્રવૃત્તિ અને પ્રવૃત્તિની સિદ્ધિ સજાતીયતાના કારણે 'પ્રકૃતિ'માં જ થાય છે, પુરૂષ તો સદાય નિર્વિકાર, નિત્ય, અચલ અને એકરસ રહે છે.

પ્રકૃતિના અંશ શરીરને પુરૂષ જ્યારે પોતાનું સ્વરૂપ માની લે છે ત્યારે પ્રકૃતિના તે અંશમાં આકર્ષણ ક્રિયાઓ અને તેમના ફળની પ્રાપ્તિ થતી રહે છે. ગુણોમાં પોતાની સ્થિતિ માનીને પુરૂષ સુખી-દુઃખી થતો રહે છે. વાસ્તવમાં સુખ-દુઃખની અલગ સત્તા નથી, એટલા માટે ભગવાન ગુણો સાથે માનેલા સંબંધનો વિચ્છેદ કરવા માટે વિશેષભાર આપે છે. તાત્ત્વિક દ્રષ્ટિએ જોવામાં આવે તો સંબંધ વિચ્છેદ પહેલેથી જ છે. ફક્ત ભૂલથી સંબંધ માનેલો છે. આથી માની લીધેલ સંબંધનો અસ્વીકાર કરીને ફક્ત 'ગુણ જ ગુણોમાં વર્તી રહ્યા છે' એ વાસ્તવિકતા ઓળખવાની છે.

**ઈતિ મત્વા ન સજ્જતે** અહી મત્વા પદ જાણવાના અર્થમાં આવ્યું છે. તત્ત્વજ્ઞ મહાપુરૂષ જડ પ્રકૃતિ અને ચેતન પુરૂષને સ્વાભાવિક રીતે જ અલગ અલગ જાણે છે એટલા માટે તે પ્રકૃતિન્ય ગુણોમાં આસક્ત થતો નથી.

# ભારત આ વર્ષે જ અંતરિક્ષમાં પોતાનું AI ડેટા સેન્ટર ઉભું કરીને નવો ઈતિહાસ રચશે

## પૃથ્વી પરના ડેટા સેન્ટર મોટા પ્રમાણમાં વીજળી અને પાણી વાપરે છેઃ આ સેન્ટ્ટર સોલર એનર્જીથી સંચાલિત થશે અને સ્પેસની ઠંડકથી કૂલિંગની સુવિધા મળી રહેશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા. ૨૪**

ભારત ડિસેમ્બર 2026માં અંતરિક્ષ ક્ષેત્રમાં એક નવો ઈતિહાસ રચી શકે છે. સ્પેસ ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ક્ષેત્રમાં ભારત હવે હરણફાળ ગતિએ આગળ વધી વિશ્વના અનેક દેશોને પાછળ છોડવાની તૈયારીમાં છે. NeovCloud નામના સ્ટાર્ટઅપ અને ચેન્નાઇ સ્થિત Agnikul Cosmosકંપની ભેગા મળીને મળીને ભારતનું પ્રથમ ખાનગી ઓર્બિટલ AI ડેટા સેન્ટર અંતરિક્ષમાં લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યા છે. આ પ્રોજેક્ટ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. આ ડેટા સેન્ટરની પ્રથમ ઝલક 2026માં દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલ એઆઇ ઈમ્પેક્ટ સમિટ દરમિયાનNeovCloud દ્વારા રજૂ કરવામાં આવી હતી.

કંપનીનો દાવો છે કે આ પ્રોજેક્ટ ખર્ચ ઘટાડશે, ડેટા પ્રવાહ ઝડપથી વધારશે અને કુદરતી આપત્તિઓ દરમિયાન જમીન આધારિત ડેટા સેન્ટર કરતાં વધુ સુરક્ષિત રહેશે.આ હાઇ-રિસ્ક મિશન અંતર્ગત એઆઇ I સિસ્ટમને પૃથ્વીની ભ્રમણકક્ષામાં ચલાવવામાં આવશે. સૂર્ય ઊર્જાથી સંચાલિત અને અંતરિક્ષના ઠંડા વેક્યૂમ દ્વારા કુદરતી રીતે ઠંડક પ્રાપ્ત કરતું આ ડેટા સેન્ટર આધુનિક અને સ્કેલેબલ હાર્ડવેર તરીકે વિકસાવવામાં આવશે. NeovCloud ના સ્થાપક અને CEO એ. નરેન્દ્ર સેને જણાવ્યું હતું, "અમે માત્ર અંતરિક્ષમાં ડેટા સેન્ટર બનાવી રહ્યા નથી, પરંતુસંપૂર્ણ નવી ઓર્બિટલ ઈન્ફરન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરી રહ્યા છીએ." આ ડેટા સેન્ટરની મુખ્ય વિશેષતાઓ મુજબ જમીન પરના બાંધકામના સમયને ઘટાડવાનો ઉદ્દેશછે, ભ્રમણકક્ષા સંપૂર્ણ સોલાર પાવર પર આધારિત છે અને આ સેન્ટર પાણી અથવા જમીન આધારિત કૂલિંગ સિસ્ટમ પર નિર્ભર નહીં રહે અંતરિક્ષ આધારિત ડેટા સેન્ટરનો વિચાર વૈશ્વિક સ્તરે વર્ષોથી ચર્ચામાં રહ્યો છે. જોકે અત્યાર સુધી આ વિચાર મોટાભાગે સિદ્ધાંત પૂરતો જ રહ્યો છે. અમેરિકા માં એક્સિઓમ સ્પેસ અને સ્ટારક્લાઉડ દ્વારા મર્યાદિત પ્રયોગો થયા છે.

હવે Agnikul અને NeovCloud આ વિચારને વ્યાવહારિક અને મોટા પાયે અમલમાં મૂકવા માંગે છે. પૃથ્વી પરના ડેટા સેન્ટર મોટા પ્રમાણમાં વીજળી અને પાણી વાપરે છે, ખાસ કરીને પાવર અને કૂલિંગ માટે. જ્યારે અંતરિક્ષમાં સૂર્ય ઊર્જા અને રેડિયેટિવ કૂલિંગ લગભગ મફતમાં ઉપલબ્ધ છે. વિશેષજ્ઞોના જણાવ્યા અનુસાર, ઓર્બિટમાં સોલાર પેનલને જમીન કરતાં વધુ સમય સુધી સૂર્યપ્રકાશ મળે છે. તદઉપરાંત કૂલિંગ માટે પેદા થતી ગરમી સીધી ડીપ સ્પેસમાં રેડિએટ થઈ શકે છે.

## પાબ્લો એસ્કોબારથી એલ મેંચો

# દુનિયાના એવા પાંચ ડ્રગ માફિયા, જેની સામે અમેરિકા જેવી મહાસત્તા પણ લાચાર બની!

## મેક્સિકોનો વધુ એક ડ્રગ લોર્ડ 'ઓસિએલ કાર્ડેનાસ ગુઈલેન'નો જન્મ ૧૮ મે-૧૯૬૭માં થયો. તેણે શરૂઆતમાં મિકેનિકલ તરીકે કામ શરૂ કર્યું હતું

## મેક્સિકોના ડ્રગ તસ્કરોની લિસ્ટમાં અમાડો કેરિલો પણ કુખ્યાત છે



(સંપૂર્ણ સમાચાર સેવા) **મેક્સિકો, તા. ૨૪**

મેક્સિકોની સિક્ટોરિટી ફોર્સે દેશના સૌથી મોટા ડ્રગ માફિયા એલ મેંચોને મોતને ઘાટ ઉતારી દીધો છે. આ કારણે અનેક રાજ્યોમાં હિંસક વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. ત્યારબાદ મેક્સિકોમાં ભારતીય દુતાવાસે ભારતીયોની સુરક્ષાને ધ્યાને રાખીને એલર્ટ જાહેર કર્યું છે. અમેરિકા ઘણા સમયથી મેક્સિકો પર ડ્રગ્સની તસ્કરી રોકવા માટે દબાણ કરી રહ્યું હતું. આવી સ્થિતિમાં મેંચોની મોતે સૌનું ધ્યાન ખેંચ્યું છે. આ ડ્રગ માફિયો ખૂબ ચર્ચામાં આવ્યો છે, પરંતુ મેંચો સિવાય પણ વિશ્વમાં ટોપ-૫ ડ્રગ માફિયાઓ છે, જેમની અનેકવાર ચર્ચાઓ થઈ ચુકી છે. તો જાણીએ તે ટોપ-૫ ડ્રગ માફિયા કોણ છે?આપણે સૌથી પહેલા વાત કરીશું વિશ્વના સૌથી ખતરનાક શાતિર ડ્રગ માફિયા એલ ચાપોની... જે જેલમાં હતો છતાં વિશ્વભરમાં દહેશત ફેલાવતો. તેનું આખું નામ જોઆક્કિન આર્કિવાલ્ડો એલ ચાપો છે અને તે વિશ્વભરમાં ડ્રગ લોર્ડ નામથી ઓળખાય છે.

મેક્સિકોના સિલાનોઆ શહેરમાં ચાર એપ્રિલ-૧૯૫૭ના રોજ એલ ચાપોનો જન્મ થયો. તેનો પિતા ગાંજો અને અફીણની ખેતી કરતો હતો એટલે કે જન્મ થતાં જ તેનો બાપના ડ્રગ કારોબાર સાથે સંબંધ જોડાઈ ગયો હતો. તે પોતાની પિતા સાથે ખેતીમાં કામ કરતો, તે નાનપણથી જ વિશ્વનો શહેનશાહ બનવાનો સપનું દેખતો હતો. તે ઈચ્છતો હતો કે, ડ્રગનો કારોબાર માત્ર મેક્સિકો પુરતો નહીં, પરંતુ વિશ્વભરમાં ફેલાય. તેણે ૧૯૯૮માં સિનાલોઆ નામથી પોતાનું ડ્રગ કાર્ટેલ એટલે કે એવું સંગઠન તૈયાર કર્યુ હતું, જેનું અમેરિકા સહિત આખા યુરોપમાં નેટવર્ક ફેલાયેલું હતું. હવે વાત કરીશું કોલંબિયાના ડ્રગ્સના સૌથી મોટા સૂત્રધાર પાબ્લો એસ્કોબારની... જે વિશ્વનો સૌથી મોટો લોર્ડ મનાતો હતો. તે શરૂઆતમાં 'કોકીનનો બાદશાહ' તરીકે ઓળખાતો હતો. જોકે બાદમાં તે તમામ ડ્રગ્સનો ડીલર બની ગયો. પહેલી ડિસેમ્બર-૧૯૪૯ના રોજ તેનો જન્મ થયો હતો.

ફોર્બ્સે ૧૯૮૯માં તેને વિશ્વનો સાતમો સૌથી મોટો અમીર જાહેર કર્યો, તેની અંદાજીત સંપત્તિ ૩૦ અબજ અમેરિકન ડૉલર હતી. તેણે ૧૯૮૯માં કોલંબિયાના રાજકારણમાં એન્ટ્રી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બાદમાં સરકારે તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરી હતી અને બે ડિસેમ્બર-૧૯૯૩માં તેને એક છત પર ઠાર કરી દેવાયો હતો. મેક્સિકોના ડ્રગ તસ્કરોની લિસ્ટમાં અમાડો કેરિલો પણ કુખ્યાત છે.

કેરિલો અન્ય ડ્રગ ડિલર્સની તુલનાએ ચાર ઘણો વધુ કોકેઈન અમેરિકા ઘુસાડતો હતો. તેણે ડ્રગ્સ કારોબાર થતી ૨૫ અબજ ડૉલરથી વધુની સંપત્તિ ભેગી કરી. તે આકાશનો સ્વામી તરીકે ઓળખાતો હતો, કારણ કે તે કોલંબિયાઈ કોકેઈનને મેક્સિકોના જુદા-જુદા એરપોર્ટ સુધી પહોંચાડાવા માટે જેટ વિમાનનો ઉપયોગ કરતો હતો. તે ગ્વાડાજારા કાર્ટેલનો સભ્ય હતો અને મિગુએલ એન્જલ ફેલિક્સ ગૈલાર્ડો માટે કામ કરતો હતો. તેનો જન્મ ૧૯૫૬ થયો હતો અને તેનું મોત ૧૯૯૭માં થયું હતું.

ડ્રગ લોર્ડની હત્યા કરી લીડર બન્યો ઓસિએલ કાર્ડેનાસ મેક્સિકોનો વધુ એક ડ્રગ લોર્ડ 'ઓસિએલ કાર્ડેનાસ ગુઈલેન'નો જન્મ ૧૮ મે-૧૯૬૭માં થયો. તેણે શરૂઆતમાં મિકેનિકલ તરીકે કામ શરૂ કર્યુ હતું. પછી તે ગલ્ફ કાર્ટેલના ગેરકાયદે ડ્રગ વેપારમાં આવી ગયો. ત્યારબાદ તેણે ૧૯૯૭માં ડ્રગ લોર્ડ સલ્વાડોર ગોમેજ હેરેરાની હત્યા કરી અને નેતા બની ગયો.

# દિલ્હી એરપોર્ટ પર સ્પાઈસ જેટની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

**તાત્કાલિક દિલ્હી પરત લાવી ઈમરજન્સી લેન્ડિંગ કરાવવાની ફરજ પડી હતી વિમાનમાં સવાર તમામ ૧૫૦ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૪**




દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મંગળવારે (૨૪મી ફેબ્રુઆરી) એક મોટી વિમાન દુર્ઘટના ટળી છે. દિલ્હીથી લેહ જઈ રહેલા સ્પાઈસજેટના બોઈંગ ૭૩૭ વિમાનના એક એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાતા તેને તાત્કાલિક દિલ્હી પરત લાવી ઈમરજન્સી લેન્ડિંગ કરાવવાની ફરજ પડી હતી. વિમાનમાં સવાર તમામ ૧૫૦ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

સ્પાઈસજેટની ફ્લાઈટ SG121 એ દિલ્હી એરપોર્ટ પરથી લેહ જવા માટે ઉડાન ભરી હતી. જોકે, ટેકઓફ કર્યાના થોડા જ સમયમાં ક્રૂ મેમ્બર્સને વિમાનમાં ગંભીર ટેકનિકલ ખામી હોવાનું જણાયું હતું. અહેવાલો અનુસાર, વિમાનનું એન્જિન નંબર ૨ ફેઈલ થઈ ગયું હતું, જેને પગલે પાયલટે સાવચેતીના ભાગરૂપે લેહ જવાનું માંડી વાળી દિલ્હી પરત ફરવાનો નિર્ણય લીધો હતો.

ઈમરજન્સી લેન્ડિંગની જાહેરાત થતા જ દિલ્હી એરપોર્ટ પર હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું હતું. રનવે પર ફાયર સર્વિસ, મેડિકલ ટીમ અને સુરક્ષા એજન્સીઓનો કાફલો ખડેપગે કરી દેવાયો હતો. પાયલટની સૂઝબૂઝથી વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. લેન્ડિંગ બાદ તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

સ્પાઈસજેટના પ્રવક્તાએ આ ઘટના અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, 'ટેકનિકલ સમસ્યાને કારણે ફ્લાઈટને પરત બોલાવવામાં આવી હતી. કોકપિટમાં કોઈ પણ પ્રકારના 'ફાયર વોર્નિંગ' મળ્યા ન હતા. તમામ મુસાફરો માટે વૈકલ્પિક મુસાફરીની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.'

નોંધનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી એરલાઈન્સમાં ટેકનિકલ ખામી અને ધમકીના કિસ્સાઓ વધી રહ્યા છે. ગત ૧૪મી ફેબ્રુઆરીએ પણ ઈન્ડિગોની ડિબ્રુગઢ-કોલકાતા ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળતા ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. વારંવાર સર્જાતી ટેકનિકલ ખામીઓને પગલે હવે વિમાનોની જાળવણી સામે પણ સવાલો ઊઠી રહ્યા છે.

# આંદામાનના દરિયામાં હેલિકોપ્ટરનું ક્રેશ લેન્ડિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૪**



સરકારી હેલિકોપ્ટર સેવા કંપની પવન હંસના એક હેલિકોપ્ટરને આંદામાન વિસ્તારમાં ઉડાન દરમિયાન તકનીકી ખામીને કારણે સમુદ્રમાં ઈમરજન્સી ક્રેશ લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ ઘટના આંદામાન સાગરમાં બની હતી. જ્યાં પાયલટે ભારે સૂઝબૂઝ બતાવીને હેલિકોપ્ટરને સુરક્ષિત રીતે પાણી પર ઉતાર્યું હતું. હેલિકોપ્ટરમાં સવાર તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સંપૂર્ણપણે સુરક્ષિત છે. ઘટનાની જાણ થતા જ રાહત અને બચાવ દળ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું અને તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢી લીધા હતા.

જાણકારી મુજબ, પવન હંસનું આ હેલિકોપ્ટર પોર્ટ બ્લેયરથી માયાબંદર જઈ રહ્યું હતું. ઉડાન દરમિયાન અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી. જેના પગલે પાયલટે આંદામાન સાગરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું.

હેલિકોપ્ટરમાં બે ક્રૂ મેમ્બર અને ૫ મુસાફરો સવાર હતા. તમામ ૭ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે અને તેમની તબિયત હાલ સારી હોવાનું જણાવવામાં આવ્યું છે. પવન હંસના પ્રવક્તાએ જણાવ્યું કે, "આજે સવારે લગભગ ૯:૩૦ વાગ્યે પવન હંસનું એક હેલિકોપ્ટર માયાબંદર પાસે શોર્ટ લેન્ડિંગની ઘટનાનો ભોગ બન્યું હતું. આ હેલિકોપ્ટર પોર્ટ બ્લેયરથી ઉડ્યું હતું. તમામ સભ્યો સુરક્ષિત છે અને કોઈને પણ ઈજા થયાના સમાચાર નથી."

અત્રે ઉલ્લેખનીય છે કે, વિમાન દુર્ઘટનાઓની સતત સામે આવતી ઘટનાઓ વચ્ચે આ મામલે ફરી એકવાર હવાઈ સુરક્ષા પર સવાલો ઉભા કર્યા છે. એક દિવસ પહેલા જ ઝારખંડના ચતરામાં એક એર એમ્બ્યુલન્સ ક્રેશ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં વિમાનમાં સવાર તમામ સાત લોકોના મોત થયા છે. આ એર એમ્બ્યુલન્સ રાંચીના ૪૧ વર્ષીય સંજય કુમારને વધુ સારા ઈલાજ માટે દિલ્હી લઈ જઈ રહી હતી. તેઓ આગની ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયા હતા. વિમાનમાં દર્દી સંજય કુમાર ઉપરાંત પાયલટ વિવેક વિકાસ ભગત અને સબરાજદીપ સિંહ, દર્દીના સંબંધી અર્ચના દેવી અને ધ્રુવ કુમાર, ડોક્ટર વિકાસ કુમાર ગુપ્તા અને નર્સ સચિન કુમાર મિશ્રા સવાર હતા.

DGCAના જણાવ્યા અનુસાર, આ એર એમ્બ્યુલન્સે રાંચીથી દિલ્હી જવા માટે સાંજે ૭:૧૧ વાગ્યે ઉડાન ભરી હતી. ઉડાન દરમિયાન સાંજે ૭:૩૪ વાગ્યે એર ટ્રાફિક કંટ્રોલ સાથેનો સંપર્ક અચાનક તૂટી ગયો હતો. આ વિમાન ચતરા જિલ્લાના સિમરિયા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કરમાટાંણ ગામ પાસેના જંગલમાં ક્રેશ થયું હતું. અકસ્માતનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી, જેની તપાસ ચાલી રહી છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## કેપ્ટન સૂર્યકુમાર યાદવે સ્વીકાર્યું

# ૧૮૦થી વધુ રનના ચેઝમાં મેચ પાવરપ્લેમાં જીતી શકાતી નથી

**ભારતે પાવરપ્લેમાં જ ત્રણ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી, જેના કારણે રનચેઝ દબાણમાં આવી ગયુ હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪ :** અમદાવાદમાં રમાયેલા ટી૨૦ વર્લ્ડ કપના સુપર-૮ મુકાબલામાં સાઉથ આફ્રિકા સામે ભારતનો ૭૬ રને પરાજય થયો છે. સતત ૧૨ મેચ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાની આ પહેલી હાર છે, જેના કારણે સેમીફાઈનલના સમીકરણો હવે રસપ્રદ બન્યા છે. ૧૮૭ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. કેપ્ટન સૂર્યકુમાર યાદવે સ્વીકાર્યું કે ૧૮૦થી વધુ રનના ચેઝમાં મેચ પાવરપ્લેમાં જીતી શકાતી નથી, પરંતુ ત્યાં હારી જરૂર શકાય છે. ભારતે પાવરપ્લેમાં જ ત્રણ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી, જેના કારણે રનચેઝ દબાણમાં આવી ગયુ હતું અને ટીમ નાની ભાગીદારીઓ પણ નોંધાવી શકી નહોતી.

વિશ્વના નંબર-૧ ટી૨૦ બેટ્સમેન અભિષેક શર્મા આ મેચમાં પણ માત્ર ૧૪ રન બનાવી આઉટ થતા ટીમ મેનેજમેન્ટની ચિંતા વધી છે. બીજી તરફ, સાઉથ આફ્રિકા માટે ડેવિડ મિલર પ્લેયર ઓફ ધ મેચ સાબિત થયો હતો. મિલરે માત્ર ૩૫ બોલમાં ૬૩ રનની વિસ્ફોટક ઈનિંગ રમીને મેચનું પાસું પલટી નાખ્યું હતું. મિલરે જણાવ્યું કે, આ જીત સાબિત કરે છે કે ભારતને હરાવી શકાય છે. હાર બાદ કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે, આ હાર એક પાઠ છે, આંચકો નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે, ટીમ પોતાની આક્રમક ક્રિકેટની શૈલીમાં કોઈ ફેરફાર નહીં કરે અને ગભરાટમાં આવીને કોઈ મોટા ફેરફાર કરવામાં આવશે નહીં. સૂર્યાને પૂરો ભરોસો છે કે ટીમ ઈન્ડિયા જોરદાર વાપસી કરશે અને નૉકઆઉટમાં પોતાની જગ્યા નિશ્ચિત કરશે.

સુપર-૮માં સેમીફાઈનલની આશા જીવંત રાખવા માટે હવે ભારતને ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ સામેની મેચો જીતવી અનિવાર્ય છે. ભારતનો હવે પછીનો મુકાબલો ચેન્નાઈમાં રમાશે, જે સેમીફાઈનલની રેસ માટે નિર્ણાયક સાબિત થશે. જો સાઉથ આફ્રિકા પોતાની જીતની લય જાળવી રાખે તો ભારત માટે એક જીત પણ રસ્તો ખોલી શકે છે.

## આશરે ૧૨,૨૩૬ કરોડના કુલ ૮ મોટા નિર્ણયો પર મહોર

# સેવા તીર્થ ખાતે આયોજિત પ્રથમ કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયા ઐતિહાસિક નિર્ણયો

**કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાના પ્રસ્તાવ સહિત અમદાવાદ મેટ્રો અને રેલવે પ્રોજેક્ટ્સ માટે કરોડોની ફાળવણી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૪**

વડાપ્રધાનના નેતૃત્વમાં આજે સેવા તીર્થ ખાતે પ્રથમવાર કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી, જેમાં આગામી ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાના 'સેવા સંકલ્પ' પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકાર પરિષદમાં આ અંગે વિગતો આપતા જણાવ્યું કે, આ બેઠક માત્ર વહીવટી પ્રક્રિયા નથી પરંતુ નવા ભારતના ભવ્ય નિર્માણનો પાયો છે. દેશની અર્થવ્યવસ્થાને વિશ્વની ટોચની ૩ અર્થવ્યવસ્થાઓમાં સ્થાન અપાવવાના લક્ષ્ય સાથે આશરે ૧૨,૨૩૬ કરોડના કુલ ૮ મોટા નિર્ણયો પર મહોર મારવામાં આવી છે. નાગરિકોને શક્તિ પ્રદાન કરવાને બદલે તેમને આત્મનિર્ભર અને સશક્ત બનાવવાના ઉદ્દેશ્યથી આ તમામ નિર્ણયો લેવાયા છે.

આ બેઠકનો સૌથી મોટો નીતિગત નિર્ણય કેરળ રાજ્યનું નામ બદલીને કેરલમ કરવાનો છે. છેલ્લા લાંબા સમયથી કેરળના લોકો અને રાજ્ય સરકાર દ્વારા પોતાની પ્રાદેશિક અને ભાષાકીય ઓળખ જાળવી રાખવા માટે આ માંગણી કરવામાં આવી રહી હતી. રાજ્ય વિધાનસભાના પ્રસ્તાવને પગલે કેન્દ્રીય મંત્રીમંડળે તેને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. હવે નિયમાનુસાર રાષ્ટ્રપતિ આ બિલને રાજ્ય વિધાનસભામાં મોકલશે અને ત્યારબાદ તેને સંસદમાં કાયદાકીય મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

અમદાવાદ મેટ્રો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કરોડોની ગ્રાન્ટ: ગુજરાતના વિકાસને વધુ વેગ આપતા, મંત્રીમંડળે અમદાવાદ મેટ્રો ફેઝ 2B ના વિસ્તરણ માટે ૧,૦૬૭ કરોડની ફાળવણી કરી છે. આ મંજૂરી સાથે હવે મેટ્રો ટ્રેન ગિફ્ટ સિટી થી શાહપુર સુધી લંબાવવામાં આવશે, જે લાખો મુસાફરો માટે પરિવહન સુવિધા આસાન બનાવશે. આ ઉપરાંત, જમ્મુ કાશ્મીરના પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે શ્રીનગર એરપોર્ટ પર ૧,૬૬૭ કરોડના ખર્ચે ૭૧,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું નવું અત્યાધુનિક સંકલિત ટર્મિનલ બનાવવામાં આવશે, જેનું કાર્ય આગામી ૪ વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

રેલવે કનેક્ટિવિટી અને કૃષિ ક્ષેત્રે મહત્વના પગલાં: દેશના રેલવે નેટવર્કને મજબૂત બનાવવા માટે ત્રણ મોટા રેલવે પ્રોજેક્ટ્સને લીલી ઝંડી આપવામાં આવી છે:

ગોંદિયા જબલપુર રેલવે લાઈનના ડબલિંગ માટે ૫,૨૩૬ કરોડ. પુનરખ કિયુલ ત્રીજી અને ચોથી લાઈનના નિર્માણ માટે ૨,૬૬૮ કરોડ. ગમહરિયા ચાંદીલ લાઈન માટે ૧,૧૬૮ કરોડ મંજૂર કરાયા છે.




કૃષિ ક્ષેત્રે ખેડૂતોના હિતમાં નિર્ણય લેતા કાચા શણ માટે Minimum Support Price (MSP) માં વધારો કરી તેને ૪૩૦ કરોડના પેકેજ સાથે સુરક્ષિત કરવામાં આવી છે. મંત્રીમંડળે વીજ ક્ષેત્રમાં મોટા સુધારાઓ માટે પણ નીતિગત નિર્ણયો લીધા છે જે આગામી સમયમાં દેશમાં ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરશે.

'નાગરિક દેવો ભવ' ના સિદ્ધાંત સાથે ૨૦૪૭ નું લક્ષ્ય: અશ્વિની વૈષ્ણવે વધુમાં ઉમેર્યું કે, છેલ્લા એક દાયકામાં સરકારે ૨૫૦ million (૨૫ કરોડ) લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. આયુષ્માન યોજના, સ્વચ્છ ભારત અને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે. મંત્રીમંડળના આજના તમામ નિર્ણયો "નાગરિક દેવો ભવ" ની ભાવનાથી પ્રેરિત છે, જે ભારતને વિશ્વના નકશા પર એક મજબૂત આર્થિક અને સામાજિક શક્તિ તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

## ભારતીય સેનાની અદ્યતન યુદ્ધ ક્ષમતાનું પ્રદર્શન

# રાજસ્થાનના પોખરણમાં અગ્નિવર્ષા કવાયત

**માનવરહિત હવાઈ પ્રણાલીઓનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સ્ટ્રાઈક રોકેટ અને આધુનિક આર્ટિલરી સિસ્ટમનું પ્રદર્શન કરાયું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાજસ્થાન, તા.૨૪**



રાજસ્થાનના પોખરણમાં અગ્નિવર્ષા કવાયત યોજાઈ હતી. ભારતીય સેનાની અદ્યતન યુદ્ધ ક્ષમતાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સેનાના સંયુક્ત શસ્ત્રોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. નેટવર્ક સક્ષમ કમાન્ડ અને નિયંત્રણ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માનવરહિત હવાઈ પ્રણાલીઓનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સ્ટ્રાઈક રોકેટ અને આધુનિક આર્ટિલરી સિસ્ટમનું પ્રદર્શન કરાયું હતું.

T-90 યુદ્ધ ટેન્ક, બોફોર્સ આર્ટિલરી સિસ્ટમનું પ્રદર્શન, K-9 વજ્ર સ્વ-સંચાલિત હોવિત્ઝરનું પ્રદર્શન સહિત AH-64 અપાચે એટેક હેલિકોપ્ટર, HAL ધ્રુવનું પ્રદર્શન યોજાયું હતું. આજે રાજસ્થાનના પોખરણમાં ઘાતક ફાઈટર્સ પ્લેન દ્વારા એક યુદ્ધ જેવો જ માહોલ બનાવીને અભ્યાસ કરાશે. ઈન્ટિગ્રેટેડ એર કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સિસ્ટમના માધ્યમથી આ વિસ્તારની હવાઈ રખેવાળી પણ કરાશે.

ઉલ્લેખનીય છે કે, પોખરણમાં થઈ રહેલા યુદ્ધાભ્યાસ દરમિયાન જોવા મળેલી આ એ જ સિસ્ટમ હોવાની વિગતો જાણવા મળી છે જે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના જેટ અને ડ્રોન પર સતત નજર રાખવામાં આવતી હતી.

## કુલ્લુ જિલ્લામાં સ્વચ્છ હવામાન વચ્ચે ભારે ભૂસ્ખલન થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**હિમાચલ પ્રદેશ, તા.૨૪**

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં મણિકર્ણ ઘાટીના બારશૈની બ્લોકમાં થયેલા મોટા ભૂસ્ખલનના કારણે વ્યાપક ભય ફેલાયો છે. ભૂસ્ખલનના કારણે રસ્તો બ્લોક થઈ ગયો હોવાના અહેવાલ છે. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં ભૂસ્ખલન દરમિયાન ભારે પથ્થરો પડતા જોવા મળી રહ્યા છે.

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં સ્વચ્છ હવામાનમાં ભારે ભૂસ્ખલન થયું. મંગળવારે સવારે પર્વતનો મોટો ભાગ તૂટી પડ્યો હતો, જેના કારણે મણિકર્ણ-બારશૈની માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. ઘાટીગઢ નજીક ટેકરી પરથી સતત પડી રહેલા પથ્થરો અને કાટમાળથી રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. સ્વચ્છ હવામાનમાં આ ભૂસ્ખલન થયું હતું, જેના કારણે લોકોમાં વધુ ભય ફેલાયો હતો.

સદનસીબે, કોઈ વાહન ભૂસ્ખલનનો ભોગ બન્યું ન હતું. ભૂસ્ખલનનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં ત્રણ વાહનો સમયસર રોકાતા જોવા મળી રહ્યા છે. જો વાહનો ન રોકાયા હોત તો નુકસાન થઈ શક્યું હોત.

જાહેર બાંધકામ વિભાગના સહાયક ઈજનેર ગોવિંદ ઠાકુર કહે છે કે રસ્તાને પુનઃસ્થાપિત કરવાનું કામ ચાલી રહ્યું છે. મણિકરણમાં એક મશીન તૈનાત કરવામાં આવ્યું છે જેથી ભવિષ્યમાં જો રસ્તો બંધ થાય તો તાત્કાલિક કાર્યવાહી કરી શકાય.

# બ્રિટિશ એરવેઝની ફ્લાઈટનું નાગપુરમાં કરાયું લેન્ડિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૨૪**




લંડનથી હૈદરાબાદ જતી બ્રિટિશ એરવેઝની બોઈંગ ૭૮૭ ફ્લાઈટને મંગળવારે સવારે ટેકનિકલ અને ઓપરેશનલ સમસ્યાઓના કારણે નાગપુરના ડૉ.બાબાસાહેબ આંબેડકર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, લંડનથી હૈદરાબાદ જતી બ્રિટિશ એરવેઝની ફ્લાઈટને મંગળવારે સવારે ખરાબ હવામાનને કારણે નાગપુર એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે, મુસાફરોને વિમાનમાંથી નીચે ઉતારવામાં આવ્યા હતા, જે હાલમાં કેટલીક ટેકનિકલ સમસ્યાઓના કારણે નાગપુર એરપોર્ટ પર ફસાયેલા છે.

પ્રાથમિક માહિતી મુજબ, ખરાબ હવામાનને કારણે ૧૬૯ મુસાફરોને લઈને જતા વિમાનને શરૂઆતમાં હૈદરાબાદ ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. જોકે, સવારે ૫.૩૦ વાગ્યે નાગપુરમાં લેન્ડ કર્યા પછી ટેકનિકલ સમસ્યા જણાતાં વિમાનને ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું હતું.

એરપોર્ટ અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે, વિમાનમાં સવાર તમામ ૧૬૯ મુસાફરો સુરક્ષિત છે અને તેમને કોઈ નુકસાન થયું નથી. કોઈ ઈજા થઈ નથી. અધિકારીઓના જણાવ્યા મુજબ ડાયવર્ઝન અને લેન્ડિંગ દરમિયાન માનક સલામતી પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું હતું. સાવચેતી તરીકે ઈમરજન્સી સર્વિસને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી હતી. નિયમનકારી અધિકારીઓ ડાયવર્ઝનના કારણ અને ટેકનિકલ ખામીની તપાસ કરી રહ્યા છે જેના કારણે વિમાનને નાગપુરમાં ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારતીય નિયમનકારો આંતરરાષ્ટ્રીય મુસાફરોને મદદ કરવા માટે તેમના યુકે સમકક્ષો સાથે સંપર્કમાં છે.

# કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની પ્રથમ વખત ભારતની મુલાકાતે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૨૪**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની પ્રથમ વખત ભારતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આ જ મહિને દિલ્હી પહોંચશે. આ મુલાકાત એવા સમયે અત્યંત મહત્વની માનવામાં આવે છે જ્યારે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા અને વેપારમાં ભારે ઉથલપાથલ ચાલી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને માર્ક કાર્ની મળીને બંને દેશોના સંબંધોનું 'રીસેટ બટન' દબાવશે. છેલ્લા કેટલાક સમયથી ભારત અને કેનેડા વચ્ચે જે ખટાશ અને કડવાશ પેદા થઈ હતી, તે હવે મિત્રતામાં પરિણમે તેવી શક્યતા છે. નિષ્ણાતોનું મંતવ્ય છે કે, કાર્નીના આ પગલાથી ભારતના ડિફેન્સ (રક્ષણ) અને ટેકનોલોજી સેક્ટર માટે પ્રગતિના નવા દ્વારા ખુલી શકે છે.

માર્ક કાર્ની ૨૬ ફેબ્રુઆરીથી ૭ માર્ચ ૨૦૨૬ સુધી ઈન્ડો-પેસિફિક પ્રવાસે રહેશે. આ દરમિયાન તેઓ ૨૬ ફેબ્રુઆરીએ ભારત આવશે. તેઓ પોતાની ભારત મુલાકાતની શરૂઆત મુંબઈથી કરશે. જ્યાં તેઓ દેશના મોટા બિઝનેસ લીડર્સ સાથે મુલાકાત કરશે. તેમનો હેતુ કેનેડામાં ભારતીય રોકાણને પ્રોત્સાહન આપવાનો અને બંને દેશોની કંપનીઓ વચ્ચે ભાગીદારી મજબૂત કરવાનો રહેશે. ત્યારબાદ તેઓ નવી દિલ્હી પહોંચશે, જ્યાં વડાપ્રધાન મોદી સાથે તેમની દ્વિપક્ષીય વાતચીત થશે.

ભારતની ક્લીન એનર્જી અને વધતી જતી વીજ જરૂરિયાતોને પૂરી કરવા માટે આ સૌથી મોટી ડીલ હોઈ શકે છે. અહેવાલો અનુસાર, કેનેડાની કંપની 'કમેકો' ભારતને આગામી ૧૦ વર્ષ સુધી યુરેનિયમ સપ્લાય કરવા માટે લગભગ ૨.૮ બિલિયન ડોલર (આશરે ૨૩,૦૦૦ કરોડ) ના કરાર પર હસ્તાક્ષર કરી શકે છે.

સૌથી વધુ ચર્ચા 'કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ' અંગે છે. ભારત અને કેનેડા વચ્ચેના દ્વિપક્ષીય વેપારને ૨૦૩૦ સુધીમાં ૫૦ બિલિયન ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે. આ ડીલ હેઠળ ખેતી, કઠોળ, ડિજિટલ કોમર્સ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ટેક્સ ઘટાડવામાં આવી શકે છે.

કેનેડા પાસે લિથિયમ અને કોબાલ્ટ જેવા 'ક્રિટિકલ મિનરલ્સ'નો મોટો ભંડાર છે, જે ઈલેક્ટ્રિક વાહનોની બેટરી બનાવવા માટે જરૂરી છે. ભારત પોતાની ઈવી ક્રાંતિ માટે કેનેડા સાથે લાંબા ગાળાની સપ્લાય ડીલ કરવા માંગે છે. આ ઉપરાંત ગ્રીન હાઈડ્રોજન અને બાયોફ્યુઅલ્સ અંગે પણ નવી શરૂઆત થઈ શકે છે.

માર્ક કાર્ની પોતે અર્થશાસ્ત્રી રહ્યા છે અને ટેકનોલોજીનું મહત્વ સમજે છે. આ મુલાકાતમાં બંને દેશો AI રિસર્ચ અને સાયબર સિક્યુરિટી પર સાથે મળીને કામ કરવાના કરાર કરી શકે છે.

કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સની સંખ્યા ઘણી મોટી છે. આ મુલાકાતમાં બંને નેતાઓ એવું માળખું તૈયાર કરી શકે છે જેનાથી ભારતીયો માટે કેનેડામાં કામ કરવું અને અભ્યાસ કરવો વધુ સરળ અને સુરક્ષિત બને.

# ભીષણ હિમ તોફાનને પગલે અમેરિકાના ૭ રાજ્યમાં ઇમરજન્સી જાહેર : આશરે ૧૪.૯ ઈંચ બરફ ખાબક્યો

**ચોતરફ બરફની સફેદ ચાદર પથરાઈ જતાં ન્યૂયોર્ક સહિત ૭ રાજ્યમાં 'સ્ટેટ ઓફ ઇમરજન્સી' (કટોકટી) જાહેર કરાઈ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૪**



અમેરિકાના ઉત્તર-પૂર્વમાં આવેલા ભીષણ હિમ તોફાન એટલે કે બોમ્બ સાયક્લોનને અમેરિકાના અનેક રાજ્યમાં જનજીવન ઠપ કરી દીધું છે. ચોતરફ બરફની સફેદ ચાદર પથરાઈ જતાં ન્યૂયોર્ક સહિત ૭ રાજ્યમાં 'સ્ટેટ ઓફ ઇમરજન્સી' (કટોકટી) જાહેર કરાઈ છે, જેમાં ન્યૂ જર્સી, કનેક્ટિકટ, મેસેચ્યુસેટ્સ, ડેલવેર, રોડ આઈલેન્ડ અને મેરીલેન્ડ પણ સામેલ છે. આ તમામ રાજ્યોમાં વહીવટી તંત્રે મુસાફરી પર પ્રતિબંધ મૂકાયો છે અને નાગરિકોને ઘરમાં જ રહેવાની કડક સૂચના આપી છે.

આ હિમ તોફાનના અનેક દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. ખાસ કરીને વિશ્વપ્રસિદ્ધ ટાઈમ્સ સ્ક્વેર અત્યારે સ્લેજિંગ ગ્રાઉન્ડમાં ફેરવાઈ ગયું છે, જ્યાં બાળકો બરફમાં રમી રહ્યા છે. તો સેન્ટ્રલ પાર્ક સંપૂર્ણપણે બરફથી ઢંકાઈ ગયો છે. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી અંદાજે સરેરાશ ૩૦ ઈંચ જેટલો બરફ ખાબક્યો છે અને હજુ પણ હિમવર્ષા ચાલુ છે. વહીવટી તંત્ર સતત રસ્તાઓ પરથી બરફ હટાવવાની કામગીરી કરી રહ્યું છે, પરંતુ સતત પડતી હિમવર્ષા પડકારરૂપ બની રહી છે.

આ ભીષણ તોફાનને પગલે ન્યૂયોર્ક જ નહીં પરંતુ સમગ્ર ઉત્તર-પૂર્વ અમેરિકાને બાનમાં લીધું છે. સરકારે અનિશ્ચિતકાળ સુધી સ્કૂલ-કોલેજો બંધ રાખવાનો આદેશ કર્યો છે, જેથી લાખો વિદ્યાર્થીઓએ ઘરેથી જ અભ્યાસ શરૂ કર્યો છે. બીજી તરફ, અત્યંત ખરાબ વાતાવરણના કારણે સેંકડો ફ્લાઈટ્સ રદ કરાઈ છે, જેથી હજારો મુસાફરો એરપોર્ટ પર અટવાઈ ગયા છે. ભારે પવન અને બરફના કારણે આશરે પાંચ લાખ ઘરોમાં વીજળી ગુલ થઈ ગઈ છે, જેમાં સૌથી વધુ અસર મેસેચ્યુસેટ્સમાં જોવા મળી હતી.

આ ભીષણ હવામાનને કારણે શનિવારથી મંગળવાર વચ્ચે ૧૦,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરાઈ છે.

૨૩ ફેબ્રુઆરીએ જ ૫,૦૦૦થી વધુ અને ૨૪ ફેબ્રુઆરીએ ૧,૩૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવતા લાખો મુસાફરો અટવાયા છે. ન્યૂયોર્કનું JFK, લાગુઆર્ડિયા અને બોસ્ટનનું લોગાન ઍરપોર્ટ સૌથી વધુ પ્રભાવિત છે.

આ શક્તિશાળી હિમ તોફાનની શરૂઆત ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬, સોમવારની મોડી રાતથી થઈ હતી. ત્યાર પછી બીજા દિવસે ૨૪ ફેબ્રુઆરીની સવાર સુધીમાં તો તોફાને રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેને કારણે સત્તાધીશોએ તાત્કાલિક ધોરણે સુરક્ષાના પગલાં લેવા પડ્યા હતા. નિષ્ણાતોના મતે, આ સિઝનનું આ સૌથી શક્તિશાળી હિમ તોફાન હોઈ શકે છે. આ પ્રકારના હિમ તોફાનને 'બોમ્બ ચક્રવાત' કહેવામાં આવે છે.

હવામાન વિજ્ઞાનીઓએ આ તોફાનને દાયકાનું સૌથી શક્તિશાળી તોફાન ગણાવ્યું છે, જેને 'બોમ્બ ચક્રવાત' કહેવામાં આવે છે. 'બોમ્બ ચક્રવાત ત્યારે સર્જાય છે જ્યારે ૨૪ કલાકના ગાળામાં તોફાનનું દબાણ ચોક્કસ માત્રામાં ઘટી જાય છે. આ પ્રકારના હિમ તોફાન મોટા ભાગે શરદ અને શિયાળામાં આવે છે. આ ગાળામાં આર્કટિકની ઠંડી હવા દક્ષિણ સુધી પહોંચીને ગરમ તાપમાન સાથે અથડાય છે, જેથી આ સ્થિતિ સર્જાય છે. આ હિમ તોફાન વચ્ચે પણ કેટલાક પ્રવાસીઓ ટાઈમ્સ સ્ક્વેર પર નાચતા અને સ્લેજિંગનો આનંદ લેતા જોવા મળ્યા હતા. જો કે હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, ખતરો હજુ ટળ્યો નથી. આ સપ્તાહના અંતમાં વધુ એક તોફાન આવવાની શક્યતા છે. વહીવટી તંત્રે નેશનલ ગાર્ડ પણ તહેનાત કરી દીધા છે અને રાહત-બચાવ કાર્ય પૂરજોશમાં ચાલુ છે.

## યુદ્ધની આશંકા વચ્ચે ઈરાનમાં સેનાનું હેલિકોપ્ટર ક્રેશ થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈરાન, તા.૨૪**

ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધના માહોલ વચ્ચે સેનાનું એક હેલિકોપ્ટર ઈસ્ફહાન પ્રાંતમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે. સેનાનું આ હેલિકોપ્ટર એક ફ્રૂટ હોલસેલ માર્કેટમાં ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૪ લોકોના મોત થયાના સમાચાર છે. હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ ઈરાનના પરમાણુ પ્લાન્ટ ધરાવતા ઈસ્ફહાન પ્રાંતમાં હેલિકોપ્ટરનો કાટમાળ ફેલાઈ ગયો હતો.

ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ સાથે જોડાયેલી આ હેલિકોપ્ટર ઈરાની સેનાની એવિએશન યુનિટનું હતું. તે ઈસ્ફહાન પ્રાંતના ખોમેની શાહર કાઉન્ટીના દારચેહ શહેરમાં આવેલા ફળ અને શાકભાજી માર્કેટ વિસ્તારમાં તૂટી પડ્યું હતું. પ્રાથમિક તપાસ મુજબ, ક્રેશનું મુખ્ય કારણ ટેકનિકલ ખામી હોવાનું જણાવવામાં આવ્યું છે. આ ઘટનામાં પાયલટ અને કો-પાયલટ ઉપરાંત માર્કેટના બે વેપારીઓના પણ મોત નિપજ્યા છે.

ઈરાનનો એર સેફ્ટી રેકોર્ડ ઘણો ખરાબ છે. અહીં વારંવાર વિમાન અને હેલિકોપ્ટર દુર્ઘટનાઓ સર્જાય છે. આનું મુખ્ય કારણ એ છે કે ઈરાન પાસે રહેલા મોટાભાગના એરક્રાફ્ટ ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પહેલા ખરીદવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને કારણે મેન્ટેનન્સ માટે અસલી સ્પેરપાર્ટ્સ ન મળતા હોવાથી જૂના વિમાનોમાં અવારનવાર ખામી સર્જાય છે.

પાકિસ્તાનનું રાજકારણ ગરમાયું

# જેલમાં બંધ ઈમરાન ખાનને અડધી રાત્રે હોસ્પિટલ ખસેડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પાકિસ્તાન, તા.૨૪**

પાકિસ્તાનમાં સત્તા પરથી હટ્યા બાદ નેતાઓ માટે જીવન સરળ નથી. પૂર્વ પીએમ ઈમરાન ખાન ૩ વર્ષથી વધુ સમયથી જેલમાં બંધ છે અને તેમના પરિવાર કે સમર્થકોને તેમને મળવાની પણ પરવાનગી નથી. એટલું જ નહીં, તેમના ખાનગી ડોક્ટરો અને વકીલોને પણ મળવા દેવામાં આવતા નથી. આ દરમિયાન મંગળવારે પાકિસ્તાનમાં ત્યારે ખળભળાટ મચી ગયો. જ્યારે તેમના સમર્થકોને જાણવા મળ્યું કે ઈમરાન ખાનને રાત્રે ૨ વાગ્યે હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

ઈમરાન ખાનને 'પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ' (PIMS) લાવવામાં આવ્યા હતા. તેમની આંખમાં ગંભીર સમસ્યા હોવાથી તેમને સારવાર માટે લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલ પ્રશાસનનું કહેવું છે કે, તેમને કુલ ત્રણ ઈન્જેક્શન આપવાના છે. જેમાંથી આ બીજું ઈન્જેક્શન હતું. અહેવાલો મુજબ, તેમની જમણી આંખની રોશની હવે માત્ર ૧૫% જ બચી છે.

હવે ત્રીજું ઈન્જેક્શન ૨૪ માર્ચે આપવામાં આવશે. તેમને રાત્રે ૨ વાગ્યે હોસ્પિટલ લઈ જવાના વીડિયો વાયરલ થયા બાદ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) ના નેતા બેરિસ્ટર ગોહર ખાને સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું, "આ રીતે ચોરી-છૂપીથી કઈ સારવાર થઈ રહી છે? ઈમરાન ખાનની સારવારની જાણકારી તેમના સમર્થકોને મળવી જોઈએ. તેમનો ઈલાજ તેમના ખાનગી ડોક્ટર અને પરિવારની હાજરીમાં જ થવો જોઈએ."

સંસદીય બાબતોના મંત્રી તારિક ફઝલ ચૌધરીએ સોશિયલ મીડિયા (X) પર લખ્યું કે, "ઈમરાન ખાનને કડક સુરક્ષા વચ્ચે હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા અને તમામ કાનૂની તેમજ માનવીય સહાય પૂરી પાડવામાં આવી છે. ડોક્ટરોનું કહેવું છે કે, તેમની નજરમાં સુધારો થઈ રહ્યો છે.

ઈલાજ બાદ ઈમરાન ખાનને ફરીથી અદિયાલા જેલમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા છે.

ઈમરાન ખાનની બહેન અલીમા ખાને આ સમગ્ર પ્રક્રિયા સામે સખત વાંધો ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે, "અમે સરકારની સારવાર કે તેમના ટેસ્ટ રિપોર્ટ્સ પર ભરોસો કરતા નથી. કાયદો કહે છે કે જો કોઈ કેદીનો ઈલાજ કરવામાં આવે તો પરિવારને જાણ કરવી જોઈએ, પરંતુ અમને કેમ અંધારામાં રાખવામાં આવ્યા? ડોક્ટરોને પણ ધમકીઓ આપવામાં આવી છે કે જો કંઈ પણ લીક થયું તો ખેર નથી. સરકાર જો રિપોર્ટ્સ જાહેર કરશે તો પણ અમને તેના પર વિશ્વાસ નથી."

## ગર્લફ્રેન્ડનો પીછો કરતાં એજન્સીઓએ મેંચોને દબોચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મેક્સિકો, તા.૨૪**

મેક્સિકોની સેનાએ દેશના સૌથી ખતરનાક ડ્રગ લોર્ડ નેમેસિયો રુબેન ઓસેગુએરા સર્વાંટિસ ઉર્ફે 'એલ મેંચો' ને ઠાર માર્યો છે. તે 'જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ' નો વડો હતો. અમેરિકામાં ફેન્ટેનિલ અને અન્ય ડ્રગ્સની તસ્કરી માટે કુખ્યાત છે. આ ઓપરેશન ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ જલિસ્કો રાજ્યના પહાડી વિસ્તાર તપાલપા પાસે હાથ ધરવામાં આવ્યું હતું. જ્યાં અમેરિકી ગુપ્તચર માહિતી અને એલ મેંચોની ગર્લફ્રેન્ડની જાસૂસી દ્વારા તેના ગુપ્ત સ્થાનનો ખુલાસો થયો હતો.

મેક્સિકોના સંરક્ષણ મંત્રી જનરલ રિકાર્ડો ટ્રેવિલાએ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પ્રેસ કોન્ફરન્સમાં ઓપરેશનની સંપૂર્ણ વિગતો આપી હતી. ટ્રેવિલાએ જણાવ્યું કે, મેક્સિકન મિલિટરી ઈન્ટેલિજન્સે એલ મેંચોની ગર્લફ્રેન્ડના નજીકના સાથીદાર પર નજર રાખવાનું શરૂ કર્યું હતું.

૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬: મહિલાએ મેંચો સાથે રાત વિતાવી અને બીજા દિવસે ત્યાંથી નીકળી ગઈ, પરંતુ એલ મેંચો અને તેના બોડીગાર્ડ્સ ત્યાં જ રોકાયા હતા.

ઓપરેશન: બીજા દિવસે મેક્સિકન ફોર્સે કમ્પાઉન્ડને ઘેરી લીધું. કાર્ટેલના ગનમેનોએ ફાયરિંગ શરૂ કર્યું અને એલ મેંચોને લઈને જંગલ તરફ ભાગ્યો. આ અથડામણમાં એલ મેંચો ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેને હેલિકોપ્ટર દ્વારા હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યો હતો, પરંતુ રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું. તેની સાથે તેના બે બોડીગાર્ડ્સ પણ માર્યા ગયા હતા.

આ ઓપરેશન સંપૂર્ણપણે મેક્સિકન ફોર્સ દ્વારા પાર પાડવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શીનબૌમે સ્પષ્ટ કર્યું કે, આમાં અમેરિકી સૈનિકો સામેલ નહોતા. માત્ર ઈન્ટેલિજન્સ મદદ મળી હતી. એલ મેંચો લાંબા સમયથી બંને દેશોની મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં હતો. અમેરિકાએ તેની ધરપકડ માટે ૧૫ મિલિયન ડોલર (આશરે ૧૨૫ કરોડ) નું ઈનામ રાખ્યું હતું.

એલ મેંચોના મોત બાદ તેના સંગઠન CJNG એ બદલો લેવાનો પ્રયાસ કર્યો. ગણતરીના કલાકોમાં જ જલિસ્કો અને અન્ય વિસ્તારોમાં કાર્ટેલના ગુંડાઓએ રસ્તાઓ જામ કર્યા, વાહનો સળગાવ્યા, વ્યવસાયો પર હુમલો કર્યો અને સુરક્ષા દળો પર ફાયરિંગ કર્યું.




# BAFTA એવોર્ડ્સમાં આલિયા ભટ્ટે હિન્દીમાં સ્પીચ આપી ભારતનું વધાર્યું ગૌરવ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૪**




બ્રિટિશ એકેડેમી ફિલ્મ એવોર્ડ્સ (BAFTA) માં આ વર્ષે ભારતીય કલાકારોનો દબદબો જોવા મળ્યો હતો. લંડનમાં આયોજિત આ ભવ્ય સમારોહમાં બોલીવુડ સ્ટાર્સ ફરહાન અખ્તર અને આલિયા ભટ્ટે હાજરી આપી હતી. ભારત માટે આ ગર્વની ક્ષણ ત્યારે બની જ્યારે ફરહાન અખ્તરના પ્રોડક્શન હેઠળ બનેલી મણિપુરી ફિલ્મ 'બૂંગ' (Boong) ને 'બેસ્ટ ચિલ્ડ્રન એન્ડ ફેમિલી ફિલ્મ' કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ સફળતાએ સાબિત કર્યું કે ભારતીય પ્રાદેશિક સિનેમા હવે વૈશ્વિક ફલક પર પોતાની મજબૂત ઓળખ બનાવી રહ્યું છે. આ ભવ્ય સ્ટેજ પર આલિયા ભટ્ટે જ્યારે એવોર્ડ પ્રેઝન્ટર તરીકે એન્ટ્રી કરી ત્યારે સૌની નજર તેના પર અટકી ગઈ હતી.

આલિયાને 'બેસ્ટ નોન-ઈંગ્લિશ ફિલ્મ' કેટેગરીનો એવોર્ડ પ્રેઝન્ટ કરવા માટે આમંત્રિત કરવામાં આવી હતી. સ્ટેજ પર આવતાની સાથે જ આલિયાએ પોતાની સ્પીચની શરૂઆત 'નમસ્કાર' સાથે શુદ્ધ હિન્દીમાં કરી હતી. તેણે કહ્યું કે, "ફિલ્મો ભલે અલગ-અલગ ભાષાઓમાં વાત કરતી હોય, પરંતુ સિનેમાની ભાષા તો આપણે સૌ સમજીએ જ છીએ."

આલિયાનો આ દેશી અંદાજ અને માતૃભાષા પ્રત્યેનો પ્રેમ સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે અને ફેન્સ તેના ખૂબ વખાણ કરી રહ્યા છે. આ એવોર્ડ શોમાં આલિયાના લુકની પણ ખૂબ ચર્ચા થઈ હતી. તેણે સિલ્વર ગ્લિટર ગાઉન સાથે સફેદ સ્ટૉલ પહેર્યો હતો, જેમાં તે કોઈ અપ્સરાથી ઓછી નહોતી લાગતી. તેણે આ સ્ટેજ પરથી ફિલ્મ 'સેન્ટિમેન્ટલ વેલ્યુ' ને વિજેતા જાહેર કરી હતી, જે આ વર્ષે ઓસ્કર માટે પણ નોમિનેટ થયેલી છે. આલિયાએ ગ્લોબલ પ્લેટફોર્મ પર જે આત્મવિશ્વાસ સાથે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું તે જોઈને દરેક ભારતીય ગર્વ અનુભવી રહ્યો છે.

આલિયા ભટ્ટ પહેલા માત્ર પ્રિયંકા ચોપરા અને દીપિકા પાદુકોણને જ BAFTA જેવા મોટા સ્ટેજ પર એવોર્ડ પ્રેઝન્ટર બનવાની તક મળી છે. આ સિદ્ધિ હાંસલ કરનાર આલિયા હવે ત્રીજી ભારતીય અભિનેત્રી બની ગઈ છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, આલિયા ટૂંક સમયમાં 'આલ્ફા' અને 'લવ એન્ડ વોર' જેવી મોટા બજેટની ફિલ્મોમાં જોવા મળશે. આ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર તેની હાજરીએ બતાવી દીધું છે કે તે હવે માત્ર હિન્દુસ્તાનની જ નહીં પરંતુ ગ્લોબલ સ્ટાર બની ચૂકી છે.

## સાઉથની સુપરહિટ પ્રેમાલુની હિન્દી રીમેકમાં વીર પહાડિયા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

ફક્ત ૩ કરોડના બજેટમાં બન્યા બાદ ૧૩૧ કરોડની કમાણી કરીને સમગ્ર દેશનું ધ્યાન ખેંચનારી મલયાલમ ફિલ્મ 'પ્રેમાલુ'ની હવે હિન્દી રીમેક બનવાની છે. તેમાં વીર પહાડિયાને હિરો તરીકેની ભૂમિકા મળી છે. બોલિવુડ પ્રોડ્યૂસર સાજિદ નડિયાદવાળાની ભાણેજ આફિયા સૈયદ આ ફિલ્મથી હિન્દીમાં હિરોઈન તરીકે ડેબ્યૂ કરશે. ફિલ્મનું શૂટિંગ દિલ્હીમાં સતત ૪૫ દિવસ સુધી થવાનું છે. શાહરૂખની 'જવાન'નો કો પ્રોડ્યૂસર ગૌરવ વર્મા આ ફિલ્મ બનાવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, વીર પહાડિયા હાલ તારા સુતરિયા સાથે બ્રેક અપના કારણે ચર્ચામાં છે. વીરનું અફેર અગાઉ સારા અલી ખાન સાથે હતું.

## ફિલ્મ રીલિઝ ટાણે અવિનાશ તિવારી, મેઘા શંકરનાં અફેરની ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

અવિનાશ તિવારી અને મેઘા શંકર વચ્ચે અફેરની અફવા શરૂ થઈ છે. જોકે, તેઓ ખરેખર રિલેશનશિપમાં છે કે તેમની ફિલ્મ રીલિઝ નજીક આવી રહી હોવાથી બોલિવુડની સ્ટાઈલ પ્રમાણે અફેરની અફવા ફેલાવાઈ રહી છે તે વિશે જાત જાતની અટકળો થઈ રહી છે. અવિનાશ અને મેઘાની ફિલ્મ 'ગિની વેડ્સ સની ટુ' આગામી એપ્રિલમાં રીલિઝ થવાની છે. ફિલ્મના સ્ક્રીનિંગની ઈવેન્ટમાં તેમની કેમેસ્ટ્રી જોતાં તેમની ડેટિંગની અફવા ચગી છે. સ્ક્રીનિંગ બાદ અવિનાશે મેઘાને હાથ પકડીને કાર સુધી પહોંચાડી હતી અને તેના માટે કારનો દરવાજો પણ ખોલી આપ્યો હતો. તેમની આ કેમેસ્ટ્રીને ટાંકીને બંને વચ્ચે રિલેશનશિપ હોવાની વાતો ચગાવાઈ રહી છે. મૂળ ફિલ્મ 'ગિની વેડ્સ સની' ઓટીટી પર ૨૦૨૦માં રિલીઝ થઈ હતી. જેમાં વિક્રાંત મેસી અને યામી ગૌતમે કામ કર્યું હતું. હવે બીજા ભાગમાં અવિનાશ તિવારી અને મેઘા શંકરની જોડી જોવા મળશે. ઉલ્લખનીય છે કે, મેઘા '૧૨મી ફેઈલ 'ફિલ્મ બાદ જાણીતી બની છે.

સેમ મર્ચન્ટ સાથેના રોમેન્ટિક ફોટોએ રિલેશનશિપ કન્ફર્મ કર્યું

# તૃપ્તિનું કરોડપતિ બોયફ્રેન્ડ સાથે બર્થ ડે સેલિબ્રેશન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**



'ઓ રોમિયો'માં શાહિદ કપૂર સાથે ઓન સ્ક્રીન રોમાંસ કરી રહેલી તૃપ્તિ ડિમરીની રિયલ લાઈફમાં 'મજનૂ'ની એન્ટ્રી થઈ ગઈ છે. વાસ્તવમાં, તૃપ્તિએ ૨૩ ફેબ્રુઆરી પોતાનો ૩૨મો જન્મદિવસ સેલિબ્રેટ કર્યો. તેના આ ખાસ દિવસને તેના રૂમર્ડ બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટે વધુ ખાસ બનાવવા પ્રયાસ કર્યો છે. બર્થ ડે સેલિબ્રેશનના ફોટો અને વીડિયો વાઈરલ થતાં જ ચાહકો માની રહ્યા છે કે તૃપ્તિ સેમના પ્રેમમાં છે.

'એનિમલ' ફિલ્મથી ચાહકોના દિલમાં વસી જનારી તૃપ્તિને તેના જન્મદિવસે ચાહકોએ અઢળક શુભેચ્છાઓ પાઠવી હતી. આ બધા વચ્ચે તેના રૂમર્ડ બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટે તેને ખાસ અંદાજમાં વિશ કર્યું હતું. સેમ મર્ચન્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર તૃપ્તિ સાથેનો એક કોઝી ફોટો શેર કરીને બર્થ ડે વિશ કર્યું છે. ફોટોમાં બંને બ્લેક આઉટફિટમાં ટ્વિનિંગ કરી રહ્યા છે. બંનેની નિકટતા તેમના સંબંધો પર મહોર મારી રહી છે.

સેમ મર્ચન્ટે ન માત્ર તૃપ્તિને ખાસ અંદાજમાં વિશ કર્યું છે, પરંતુ તેના આ સ્પેશિયલ દિવસને વધુ સ્પેશિયલ બનાવવા માટે જહેમત પણ ઉઠાવી છે. ખરેખર, સેમે બર્થ ડે સેલિબ્રેશનના ઈનસાઈડ ફોટો અને વીડિયો શેર કર્યા છે. વીડિયોમાં તૃપ્તિ નજીકના મિત્રો અને પરિવાર સાથે સેલિબ્રેટ કરતી જોવા મળી રહી છે. તે બાળકો સાથે કેક કાપતી પણ દેખાઈ રહી છે.


ટ્વીટ કરીને અભિનંદન પાઠવ્યા

# વડાપ્રધાન મોદીએ 'બૂંગ'ની જીતને ગર્વની ક્ષણ ગણાવી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

મણિપુરી ભાષાની ડેબ્યૂ ફીચર ફિલ્મ 'બૂંગ'એ આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું નામ રોશન કર્યું છે. ફિલ્મ 'બૂંગ'એ આ વર્ષના BAFTA એવોર્ડ્સ (બ્રિટિશ ફિલ્મ અને ટેલિવિઝન કલા એકેડમી પુરસ્કાર)માં બાળ અને પારિવારિક (ચાઈલ્ડ એન્ડ ફેમિલી) ફિલ્મ શ્રેણી (કેટેગરી)માં જીત મેળવી. આ પહેલી ભારતીય ફિલ્મ બની છે, જેણે આ કેટેગરીમાં પુરસ્કાર જીત્યો. ત્યારે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર પોસ્ટ કરીને 'બૂંગ'ની આખી ટીમને અભિનંદન આપ્યા છે. વડાપ્રધાને લખ્યું કે, 'આ સમગ્ર દેશ, ખાસ કરીને મણિપુર માટે ગર્વની ક્ષણ છે અને તે ભારતની રચનાત્મક પ્રતિભા દર્શાવે છે.'

BAFTA એવોર્ડ્સ સમારોહ લંડનના રોયલ ફેસ્ટિવલ હોલમાં યોજાયો હતો, જ્યાં ફિલ્મની ટીમ હાજર રહી હતી. ફિલ્મનું ડિરેક્શન લક્ષ્મીપ્રિયા દેવીએ કર્યું છે, જ્યારે પ્રોડ્યુસર ફરહાન અખ્તર, રિતેશ




સિધવાણી, વિકેશ ભુટાણી, એલન મેકએલેક્સ અને શુજાત સૌદાગર છે. આ સમારોહમાં એકમાત્ર ભારતીય નોમિનેટેડ ફિલ્મ હતી અને તેણે 'ઝૂટોપિયા 2', 'લીલો એન્ડ સ્ટિચ' અને 'આર્કો' જેવી આંતરરાષ્ટ્રીય ફિલ્મોને પાછળ છોડી દીધી.

ડિરેક્ટર લક્ષ્મીપ્રિયા દેવીએ જીત બાદ કહ્યું કે, "બૂંગ' નો અર્થ મણિપુરી ભાષામાં નાનો છોકરો થાય છે. વાર્તા એક એવા નિર્દોષ બાળકની છે, જે પોતાની માતા માટે ખાસ ભેટ શોધવા માંગે છે. તેને લાગે છે કે, તેના લાંબા સમયથી ગુમ થયેલા પિતાને પાછા લાવવા એ જ તેની માતા માટે સૌથી મોટી ભેટ હશે. આ જ શોધ દરમિયાન તેનું જીવન એક નવી દિશા લે છે.'

પ્રોડ્યુસર ફરહાન અખ્તરે જણાવ્યું કે, તે છેલ્લા લગભગ 20 વર્ષથી લક્ષ્મીપ્રિયાને ઓળખે છે અને આ તેની ડિરેક્ટર તરીકેની પ્રથમ ફિલ્મ છે, તેથી આ ક્ષણ વધુ વિશેષ છે. તેણે કહ્યું કે, 'ભારતના જે પ્રદેશમાંથી ઓછી ફિલ્મો સામે આવે છે, ત્યાંની વાર્તાને સમર્થન આપવું મને યોગ્ય લાગ્યું.'

ફિલ્મનું પ્રથમ સ્ક્રીનિંગ 2024માં ટોરોન્ટો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવના રિસર્ચ ડિપાર્ટમેન્ટમાં થયું હતું. ત્યારબાદ તેને વોર્સો આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ, મામી મુંબઈ ફિલ્મ મહોત્સવ, ભારત આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ, મેલબોર્ન જેવા મુખ્ય ફિલ્મ સમારોહમાં પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. 'બૂંગ'ની આ જીત માત્ર ભારતીય સિનેમા માટે જ નહીં, પરંતુ પ્રાદેશિક ભાષાઓની વાર્તાઓ માટે પણ એક મોટો મુકામ માનવામાં આવી રહી છે.

### વલસાડથી વૈશ્વિક મંચ

# સાંસદ ધવલભાઈ પટેલને ભારત-વિયેતનામ પાર્લામેન્ટરી ફ્રેન્ડશિપ ગ્રુપમાં સભ્ય તરીકે નામાંકિત કરાયા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વલસાડ-ડાંગ સંસદીય વિસ્તારના લોકપ્રિય સાંસદ શ્રી ધવલભાઈ પટેલની વૈશ્વિક સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી કરવામાં આવી છે. લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા દ્વારા તેમને 'ભારત-વિયેતનામ પાર્લામેન્ટરી ફ્રેન્ડશિપ ગ્રુપ' (India-Vietnam Parliamentary Friendship Group) માં સભ્ય તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે. વલસાડ માટે આ ગૌરવની ક્ષણ છે કારણ કે સ્થાનિક નેતૃત્વ હવે આંતરરાષ્ટ્રીય સંબંધોને મજબૂત કરવામાં પાયાની ભૂમિકા ભજવશે.

**વૈશ્વિક મંચ પર ભારતની મજબૂત પકડ :** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની 'એક્ટ ઈસ્ટ' પોલિસી અંતર્ગત વિયેતનામ એક વ્યૂહાત્મક ભાગીદાર દેશ છે. આ નિમણૂક અંગે ઉત્સાહ વ્યક્ત કરતા શ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, લોકસભા અધ્યક્ષ શ્રી ઓમ બિરલાજીએ મારામાં જે વિશ્વાસ મૂક્યો છે તે બદલ હું તેમનો આભારી છું. આ જવાબદારી મળતા હું ગર્વ અનુભવું છું.

ગાઈડન્સ અને નેતૃત્વ સાંસદે આ સફળતાનો શ્રેય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને વિદેશ મંત્રી શ્રી એસ.જયશંકરના માર્ગદર્શનને આપ્યો હતો.

**સંબંધોમાં નવી મજબૂતી:** આ ગ્રુપના માધ્યમથી ભારત અને વિયેતનામ વચ્ચેના સંસદીય અને રાજદ્વારી સંબંધો વધુ ગાઢ બનશે.

**વૈશ્વિક ભાગીદારી:** ભારતની વધતી જતી વૈશ્વિક ભાગીદારીમાં હવે વલસાડના પ્રતિનિધિનો પણ મહત્વનો ફાળો રહેશે.

**વંશપરંપરાગત જોડાણ:** શ્રી ધવલભાઈ પટેલે વધુમાં ઉમેર્યુ હતું કે, વિયેતનામ સાથે તેમનું પેઢીઓ જુનું જોડાણ રહ્યું છે. આ નવી જવાબદારી દ્વારા તેઓ આ સંબંધોને વધુ ઊંચાઈ પર લઈ જવા અને સહિયારા પ્રગતિના કામો કરવા માટે આશાવાદી છે. આ નિમણૂંકને પગલે વલસાડ ભાજપ પરિવાર અને સ્થાનિક કાર્યકરોમાં ભારે આનંદની લાગણી જોવા મળી રહી છે.

# નવસારીમાં ભક્તિ અને સંસ્કૃતિનો અદ્વિતીય સંગમ: ઉનાઈ ઉત્સવ-૨૦૨૬ ભવ્ય રીતે ઉજવાયો















**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૪**

નવસારી જિલ્લાના પવિત્ર યાત્રાધામ ઉનાઈ માતાજી મંદિર ખાતે તા.૨૨/૦૨/૨૦૨૬થી તા.૨૩/૦૨/૨૦૨૬ દરમ્યાન "ઉનાઈ ઉત્સવ ૨૦૨૫-૨૬"નો ભવ્ય બે-દિવસીય સાંસ્કૃતિક મહોત્સવ ભક્તિભાવ અને લોકસંસ્કૃતિના અનોખા સમન્વય સાથે ઉજવાયો. રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર નવસારીના સંયુક્ત આયોજનથી સમગ્ર પરિસર ભક્તિમય અને ઉત્સવમય બની ગયું હતું.

પ્રથમ દિવસે સવારે માતાજીના પાટોત્સવ નિમિત્તે યોજાયેલી ભવ્ય શોભાયાત્રામાં નાસિક ઢોલના ગર્જતા નાદ સાથે મણિયારો રાસ, ડાંગી નૃત્ય, ઘૈરેયા, કાહળી, તારપા, માદળ ઢોડીયા સહિત વિવિધ લોકનૃત્યોની ઝળહળતી ઝાંખીએ સૌના હૃદયને સ્પર્શ્યા. ૨૫૦થી વધુ કલાકારોએ પરંપરાગત વેશભૂષામાં રજૂ કરેલી કલાપ્રસ્તુતિઓએ ઉનાઈની ધરતીને જીવંત સાંસ્કૃતિક રંગોથી રંગી દીધી.

સાંજે યોજાયેલા કાર્યક્રમનો શુભારંભ રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો. મંત્રીશ્રીએ પોતાના સંબોધનમાં ઉનાઈ માતાજીના મંદિરની ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્તા ઉજાગર કરતાં જણાવ્યું કે, આવા ઉત્સવો માત્ર ઉજવણી નહીં પરંતુ સ્થાનિક સંસ્કૃતિને જીવંત રાખવાનો પ્રબળ પ્રયાસ છે. રાજ્ય સરકાર દ્વારા યાત્રાધામોના વિકાસ અને સંસ્કૃતિના સંવર્ધન માટે કરવામાં આવેલી બજેટ જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં તેમણે જનતાને ખ્યાતનામ કલાકારોની કળાનો હૃદયપૂર્વક આનંદ માણવા અનુરોધ કર્યો હતો.

પ્રથમ દિવસે ગુજરાત ગૌરવ પુરસ્કૃત કલાકાર ભરત બારીયા અને અક્ષય બારીયાએ આરતી, ડાકલા અને રામાયણ નૃત્ય દ્વારા ભક્તિરસ વહાવ્યો હતો, જ્યારે સુપ્રસિદ્ધ ગાયક ઓસમાણ મીર અને આમીર મીરના લોકડાયરા સ્વરોએ રાત્રિને સંગીતમય બનાવી દીધી હતી.

બીજા દિવસે રાસ-ગરબાની રમઝટે સમગ્ર પરિસરને ધબકતું બનાવી દીધું. લોકપ્રિય કલાકાર રાજ ગઢવી (નડીયાદ રાજ) અને અલ્પા પટેલના સ્વર અને તાલે યુવાઓથી લઈ વડીલો સુધી સૌને ઝૂમી ઉઠવા હતા. દુર્ગા સ્તુતિ, તલવાર રાસ, ફ્યુઝન ડાન્સ અને ડાક-ડમરૂની અનોખી પ્રસ્તુતિઓએ ઉત્સવને આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચાડ્યા હતા.

ઉનાઈ અને નવસારી જિલ્લાની ઉત્સવપ્રિય જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિ, પરંપરા અને આધુનિક કલાના સંગમરૂપ આ મહોત્સવને મનભરીને માણ્યો હતો. ઉનાઈ ઉત્સવ માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ સંસ્કૃતિની સુગંધ અને શ્રદ્ધાની શક્તિનો જીવંત ઉત્સવ બની સૌના હૃદયમાં અવિસ્મરણીય યાદો સાથે સમાપન થયો હતો.

### સમસ્ત આદિવાસી સમાજ રાનકુવા ઝોન દ્વારા

# ચીખલીના રાનકુવામાં ભવ્ય રાત્રિ કબડ્ડી અને રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન કરાયું







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૪**

ચીખલીના રાનકુવામાં સમસ્ત આદિવાસી સમાજ રાનકુવા ઝોન દ્વારા ભવ્ય રાત્રિ કબડ્ડી અને રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચીખલી તાલુકાના રાનકુવા ખાતે સમસ્ત આદિવાસી સમાજ રાનકુવા ઝોન દ્વારા આયોજિત રાત્રિ કબડ્ડી અને રસ્સાખેંચની સ્પર્ધાનું આયોજન ચીખલી તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ શ્રી હિતેશભાઈ પટેલ, શ્રી હાર્દિકભાઈ પટેલ, શ્રી ધવલભાઈ પટેલ, શ્રી મનિષભાઈ પટેલ, શ્રી હિતેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ રમતોત્સવમાં ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે ડૉ. પ્રદીપ ગરાસિયા, ગુજરાત રાજ્ય પ્રમુખ, સમસ્ત આદિવાસી સમાજ ડૉ.નિરવભાઈ પટેલ, પ્રમુખ સમસ્ત આદિવાસી સમાજ નવસારી, શ્રી ડી.એમ.પટેલ, શ્રી હિતેશભાઈ પટેલ રાનવેરી, શ્રી મનીષભાઈ ધોડિયા, શ્રી કાર્તિક તેમજ શ્રી જયેશભાઈ પટેલ, ચીખલી સરપંચ એસોસિએશન પ્રમુખ, મીણકચ્છ, શ્રી નલિનભાઈ પટેલ, વાંઝણા સરપંચ, શ્રી જયવર્ધન પટેલ કાંગવઈ સરપંચ, શ્રી નીરવભાઈ પટેલ, રાનવેરી કલ્લા સહિત અન્ય મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

કબડ્ડી અને રસ્સાખેંચમાં ખૂબ જ રસાકસીભરી મેચો બાદ વિજેતા ટીમોને ટ્રોફી અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રાત્રિ કબડ્ડી સ્પર્ધામાં રાનકુવા પ્રથમ, રાજપીપળા દ્વિતીય, તૃતીયક્રમે નાગધરા અને રસ્સાખેંચ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સાદડવેલ, દ્વિતીય ક્રમે બીલીમોરા અને તૃતીય ક્રમે રાનકુવા વિજેતા થયા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે રાનકુવા ઝોનના કાર્યકરો અને ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# તાપીમાં ટ્યુશન સંચાલક દ્વારા જાતીય સતામણી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તાપી,તા.૨૪**

તાપી જિલ્લાના વાલોડમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક ટ્યુશન સંચાલક પર એક તરુણી સાથે જાતીય સતામણી કરવાનો આરોપ છે.

પોલીસે આ લંપટ શિક્ષકની ધરપકડ કરીને વધુ તપાસ શરુ કરી છે. પોલીના જણાવ્યા પ્રમાણે વાલોડના અસ્વદ હૈદર શેખે ટ્યુશન ક્લાસમાં તરુણીની જાતિય સતામણી કરી હતી. તે અન્ય વિદ્યાર્થીઓને ક્લાસ વર્ક આપીને તરુણીને મુખ્ય હોલની પાછળ આવેલા રુમમાં બોલાવતો હતો અને જાતિય સતામણી કરતો હતો.

અસ્વદ હૈદર શેખે શેખે તરુણીની જાતિય સતામણી કરીને તરુણી તેની સાથે વાત નહી કરે અને કોઈને કહેશે તો મારી નાખવાની પણ ધમકી આપી હતી.

તરુણીએ આ મામલે પોતાના પરિવારને વાત કરતાં ભાંડો ફૂટ્યો હતો અને લંપટ શિક્ષણ અસ્વદ સામે વાલોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે અસ્વદ શેખ સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી અસ્વદની ધરપકડ કરી હતી અને સમગ્ર મામલાની તપાસ શરુ કરી હતી.

### ફાગણી પૂનમ મેળા

# ડાકોર જતા માર્ગો પર ૨૫ ફેબ્રુઆરીથી ૪ માર્ચ સુધી ભારે વાહનો માટે 'નો-એન્ટ્રી'

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૨૪**

ડાકોરમાં ફાગણી પૂનમના મેળાનું વિશેષ મહત્વ છે. ત્યારે ડાકોર તરફ જતા મુખ્ય માર્ગો પર ભારે વાહનો માટે નો-એન્ટ્રી જાહેર કરવામાં આવી છે. પ્રસિદ્ધ ફાગણી પૂનમના મેળાને ધ્યાને રાખી પદયાત્રીઓની સુવિધા અને સુરક્ષાના હેતુસર ભારે વાહનોના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. ૨૫ ફેબ્રુઆરીથી ૪ માર્ચ સુધી ડાકોર જતા માર્ગો પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

**અમદાવાદથી ડાકોર:** હાથીજણ, મહેમદાવાદ, મહુધા થઈને આવતા ભારે વાહનો પર પ્રતિબંધ

**નડિયાદથી ડાકોર:** નડિયાદ ચોકડીથી મહુધા તરફ જતા વાહનો ડાયવર્ટ કરવામાં આવ્યા

**આણંદ-ગોધરા હાઈવે:** સેવાલિયા અને પાલી બાજુથી આવતા ભારે વાહનો માટે વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવા તાકીદ

**કપડવંજ-કઠલાલ:** આ વિસ્તારોમાંથી ડાકોર તરફ આવતા ભારે વાહનોને અન્ય માર્ગે વાળવામાં આવશે.

-મેળા દરમિયાન ટ્રાફિક જામની સ્થિતિ ન સર્જાય તે માટે ખાનગી લક્ઝરી બસો અને માલવાહક વાહનોના ચાલકોએ પણ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે.

આ ઉપરાંત ડાકોર મંદિર કમિટીએ એ પણ નિર્ણય લીધો છે કે ડાકોર તરફ આવતા તમામ પદયાત્રી માર્ગો પર કોઈ વ્યક્તિ કે સંસ્થા DJ કે લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં. કારણે કે ઘોંઘાટના કારણે વૃદ્ધો અને અશક્ત પદયાત્રીઓ તકલીફ પડે છે તેમજ મુખ્ય હેતુ રોડ પર થતી ભીડને નિયંત્રણમાં લાવવાનો અને ટ્રાફિકની સમસ્યા હળવી કરવાનો છે. એસટી વિભાગ બાદ શ્રદ્ધાળુઓને કોઈ અગવડ ન પડે અને સરળતાથી સફર કરી શકાય તે માટે ૨૭ ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી ૬૫૦ વધારાની બસો ફાળવવામાં આવી છે, ઠાકોરજીના લાઈવ દર્શન માટે મોટી મોટી સ્ક્રીન પણ ગોઠવવાનું આયોજન છે. ૨૮ ફેબ્રુઆરી અને ૦૧ માર્ચ એમ બે દિવસ ડાકોર ફાગણોત્સવ ૨૦૨૬નું પણ આયોજન કરવામાં આવ્યું છે. જે દરમિયાન વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

ગુજરાતના લોકગાયિકા ગીતાબેન રબારી ( તા.૨૮ ફેબ્રુઆરી) તેમજ લોકસાહિત્યકાર રાજભા ગઢવી (તા.૦૧ માર્ચ)ના રોજ ડાયરાની રમઝટ બોલાવશે.

# એસ.ટી. વિભાગ દ્વારા હોળી-ધૂળેટીના તહેવારમાં ૫૭૦ વધારાની બસો ચલાવાશે

**હોળીનો તહેવાર ઉજવી શકે તે માટે નિગમ દ્વારા આગામી ૨૭ ફેબ્રુઆરીથી ૨ માર્ચ દરમિયાન વિશેષ બસો દોડાવવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૨૪**

આગામી હોળી અને ધૂળેટીના પર્વને ધ્યાનમાં રાખીને સુરત એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોની સુવિધા માટે વધારો થાય તે માટે વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુ વિગતો આપતા સુરત એસ.ટી. વિભાગના વિભાગીય નિયામક પી.વી. ગુર્જરે જણાવ્યું હતું કે મધ્ય ગુજરાતના છોટાઉદેપુર, દાહોદ, ગોધરા અને પંચમહાલ જિલ્લાના શ્રમિકો અને નાગરિકો જેઓ રોજગારી અર્થે સુરતમાં સ્થાયી થયા છે, તેઓ પોતાના વતનમાં હોળીનો તહેવાર ઉજવી શકે તે માટે નિગમ દ્વારા આગામી ૨૭ ફેબ્રુઆરીથી ૨ માર્ચ દરમિયાન વિશેષ બસો દોડાવવામાં આવશે.

આ વર્ષે સુરત ડિવિઝન દ્વારા કુલ ૫૭૦ જેટલી વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે, જેથી મુસાફરોને ખાનગી ટ્રાવેલ્સના ઊંચા ભાડા અને ભીડભાડથી મુક્તિ મળી શકે.

મુસાફરોની સગવડતા માટે ભાડાના દરો પણ નિયત કરવામાં આવ્યા છે, જે અંતર મુજબ રૂપિયા ૩૨૫થી લઈને રૂપિયા ૩૫૫ સુધીના રહેશે.

મહત્વની વાત એ છે કે તહેવારના સમયે પણ મુસાફરો પાસેથી કોઈ પણ પ્રકારનો વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે નહીં અને સરકારી નિયમ મુજબના સામાન્ય ભાડામાં જ આ સુવિધા પૂરી પાડવામાં આવશે. મુસાફરોને બોર્ડિંગમાં સરળતા રહે તે માટે સુરતના વિવિધ વિસ્તારો જેવા કે રામનગર રાંદેર રોડ ખાતેથી, સેન્ટ્રલ બસ સ્ટેશન પાસેનું સીટી બસ સ્ટેન્ડ અને ઓલપાડ ખાતેથી બસો ઉપડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસો સાંજે ૪ વાગ્યાથી લઈને રાત્રીના ટ્રાફિક મળશે ત્યાં સુધી ચલાવવામાં આવશે. વધુમાં તેમણે કહ્યું કે મુસાફરો માટે ઓનલાઈન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ છે.

જો કોઈ સોસાયટી કે વિસ્તારના ૫૨ મુસાફરો એકસાથે ગ્રુપ બુકિંગ કરાવશે તો એસ.ટી. નિગમ દ્વારા તે બસને મુસાફરોના ઘર આંગણે (ડોર સ્ટેપ) મોકલવામાં આવશે. આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય દુરથી રોજગારી અર્થે સુરતમાં આવેલા શ્રમિકો પોતાના માદરે વતન હોળી-ધુળેટીનો તહેવાર ધામધુમપૂર્વક મનાવી શકે તે માટે સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરી પૂરી પાડવાનો છે. સુરતના સેન્ટ્રલ બસ સ્ટેશનની સામે સીટી બસ સ્ટેશન તથા રામનગર રાંદેરથી બસોના ભાડાના દરો જોઈએ તો અમદાવાદ રૂપિયા ૩૨૫, દાહોદના રૂપિયા ૩૫૦, ઝાલોદના રૂપિયા ૩૫૫, ગોધરાના રૂપિયા ૩૦૫, લુણવાડાના રૂપિયા ૩૩૦, કવાંટના રૂપિયા ૩૦૫, છોટાઉદેપુરના રૂપિયા ૩૧૫, ઝાલોદના રૂપિયા ૩૫૫ રહેશે.

# ચંદ્રગ્રહણની સૂતક છતાં ભક્તો માટે ચોટીલા ચામુંડા મંદિરના દ્વાર ખુલ્લા રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૨૪**

આ વર્ષે પૂનમના દિવસે ચંદ્રગ્રહણની સ્થિતિ હોવા છતાં ચોટીલા મંદિર ટ્રસ્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે માતાજીના દર્શનના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. હોળી અને ફાગણી પૂનમના પવિત્ર પર્વ પર ચોટીલા ચામુંડા માતાજીના દર્શનનું અનેરું મહત્વ રહેલું છે. આ વર્ષે પૂનમના દિવસે ચંદ્રગ્રહણની સ્થિતિ હોવા છતાં, ચોટીલા મંદિર ટ્રસ્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે માતાજીના દર્શનના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ભક્તો રાબેતા મુજબ માતાજીના દર્શન કરી શકશે.

હોળીના દિવસે સંધ્યા આરતી બાદ પરંપરાગત રીતે ચોટીલા ડુંગર ઉપર હોલિકા દહન કરવામાં આવશે. પૂનમના દિવસે (૩ માર્ચ, ૨૦૨૬) વહેલી સવારે ૨:૩૦ વાગ્યે મંદિરના દ્વાર ભક્તો માટે ખોલી દેવામાં આવશે. વહેલી સવારે ૩:૦૦ વાગ્યે માતાજીની મંગળા આરતી યોજાશે.

ચાલુ વર્ષે ૩ માર્ચના રોજ ચંદ્રગ્રહણ હોવાથી ભક્તોમાં અસમંજસ હતી, પરંતુ મંદિર તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ભક્તોની ભીડ અને આસ્થાને જોતા દર્શન ચાલુ રાખવામાં આવશે. પૂનમ હોવાથી હજારોની સંખ્યામાં પદયાત્રીઓ અને ભક્તો ચોટીલા પહોંચવાની શક્યતા છે, જેને પગલે મંદિર અને વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા અને સુવિધાની ખાસ તૈયારીઓ કરવામાં આવી છે.


## નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **રતનજી રામાભાઈ માછી** હતું જે બદલીને મારૂં નવું નામ **રતનજીભાઈ રામાભાઈ ટંડેલ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ. જેની સૌએ નોંધ લેવી.

**લિ. રતનજીભાઈ રામાભાઈ ટંડેલ**

**સરનામું :** ફણસા, માછીવાડ, બ્રાહ્મણ શેરી, ઉમરગામ, વલસાડ, ગુજરાત -૩૯૬૧૪૦

## નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **મુન્નીબેન રતનજી માછી** હતું જે બદલીને મારૂં નવું નામ **માછી મુન્નીબેન રતનજીભાઈ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ. જેની સૌએ નોંધ લેવી.

**લિ. માછી મુન્નીબેન રતનજીભાઈ**

**સરનામું :** ફણસા, માછીવાડ, બ્રાહ્મણ શેરી, ઉમરગામ, વલસાડ, ગુજરાત -૩૯૬૧૪૦

## CHANGE OF NAME

**OLD NAME:**
MUNNIBEN RATANJI MACHHI
**NEW NAME:**
**MACHHI MUNNIBEN RATANJIBHAI**
**ADDRESS:** MACHHIWAD NEAR BHRAMAN SHERI, FANSA, UMBERGAON, VALSAD, GUJRAT- 396140

## CHANGE OF NAME

**OLD NAME:**
RATANJI RAMABHAI MACHHI
**NEW NAME:**
**RATANJIBHAI RAMANBHAI TANDEL**
**ADDRESS:** MACHHIWAD NEAR BHRAMAN SHERI, FANSA , UMBERGAON, VALSAD, GUJRAT- 396140

## જાહેર સૂચના

હું અગાઉ **મનુભાઈ પૂનાભાઈ સરવૈયા** તરીકે ઓળખાતો હતો, રહેવાસી: શામનગર વાડી, શિહોર જિલ્લા, અટ. તાણા, તા. શિહોર, જી. ભાવનગર-૩૬૪૨૬૦. મારું નામ ગુજરાત સરકાર ગેઝેટ તા. ૦૮/૦૧/૨૦૨૬, રજીસ્ટ્રેશન નં. ૨૫૧૨૬૭૨૨, ક્રમાંક ૯૩૫ મુજબ બદલીને **મનુભાઈ પૂનાભાઈ પ્રજાપતિ** રાખવામાં આવ્યું છે. હવે પછી તમામ હેતુઓ માટે મને **મનુભાઈ પૂનાભાઈ પ્રજાપતિ** તરીકે ઓળખવામાં આવશે.

ઉપરોક્ત બાબતમાં કોઈને કોઈ વાંધો હોય તો આ જાહેર નોટિસની તારીખથી ૧૪ દિવસની અંદર મારા વકીલ - **એડવોકેટ અંકિત ગરાસિયા** - ૯૦૦૪૪૦૮૭૭૮ પર સંપર્ક કરવો.

## UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu

**Health Department, Diu**

Walk in interview for following post Under RKS Govt. Hospital-Diu

Hospital Administrator/Manager-1

Notice No. : GHD/ADM/RKS/letter/2025-26/731
Notice Date 21/02/2026
Date of Interview :11/03/2026 (01:00 PM)
Venue : Collectorate-Diu.

For details, please scan or visit diu.gov.in 02875-252480

**Govt. Hospital-Diu**

No. IP/DMN/2/5/2025-26/1189, Dated: 23/02/2026

## U. T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**PUBLIC NOTICE**

**No. 34-3-2026/TAX/Notice/1244** **Dated 23/02/2026**

All individuals, firms, establishments and organizations holding Trade & Occupation Licenses and Advertisement permissions are hereby informed to clear their pending municipal dues towards License Fees and Advertisement Tax on or before 31st March, 2026 at Diu Municipal Council, Diu.

Failure to pay within the stipulated period will result in issuance of Warrant Notice and recovery proceedings under the relevant provisions of Municipal Regulations, without any further notice.

This may be treated as the final intimation.

www.diu.gov.in
dmc-diu-dd@ddd.gov.in
02875-252126

**Chief Officer, Diu Municipal Council, Diu**

No. IP/DMN/2/5/2025-26/1188, Dated: 23/02/2026


વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સવારની ચા સાથે તો માત્ર
સમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ


## સાંસદ ધવલભાઈ પટેલની રજૂઆતના પગલે

# એનએચ-૫૬ના ખાનપુરથી કરવડ સુધીના કોંક્રિટ રોડનું નવીનીકરણ થશેઃ કેન્દ્ર સરકારે રૂા. ૬૪૭.૨૦ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વલસાડ અને ડાંગ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ સાંસદ શ્રી ધવલભાઈ પટેલના સતત પ્રયાસોને મોટી સફળતા મળી છે. દક્ષિણ ગુજરાતની પરિવહન વ્યવસ્થામાં ક્રાંતિકારી ફેરફાર લાવતા નેશનલ હાઈવે-૫૬ના ખાનપુરથી કરવડ સેક્શનના અપગ્રેડેશન માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૬૪૭.૨૦ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટ માત્ર રસ્તો જ નહીં, પણ દક્ષિણ ગુજરાતની આર્થિક ભાગ્યરેખા સાબિત થશે. તેની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૪૫ કિમી લાંબા પટ્ટાનું નવીનીકરણ થશે. વસ્તી ધરાવતા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા ૨૧.૨૫ કિમીના ભાગને કોન્ક્રીટનો કરાશે. વલસાડ જિલ્લામાં પડતા ભારે વરસાદને ધ્યાનમાં રાખીને, રસ્તાની ટકાઉપણું જાળવવા માટે આખો રોડ કોંક્રિટ (Rigid Pavement)થી બનાવવામાં આવશે. જુના જર્જરિત બ્રિજોને તોડી કનેક્ટિવિટી સુધારવા માટે નવા પ્રોજેક્ટમાં ૫ મોટા પુલ (Major Bridges)ના નિર્માણનો સમાવેશ થાય છે.

આ મંજૂરી પાછળ સાંસદ શ્રી ધવલભાઈ પટેલની દીર્ઘદૃષ્ટિ અને મહેનત રહેલી છે. તેમણે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિનભાઈ ગડકરી સાથે અનેકવાર રૂબરૂ મુલાકાતો કરી અને લેખિત રજૂઆતો કરી હતી. એટલું જ નહીં, તેમણે મંત્રીશ્રીને આ સ્થળનું નિરીક્ષણ કરાવીને સ્થાનિકોની હાલાકી અને પ્રોજેક્ટની જરૂરિયાત સમજાવી હતી. જેના ફળસ્વરૂપે આજે આ કરોડોના ખર્ચે બનનારા પ્રોજેક્ટને લીલી ઝંડી મળી છે.

રોડ સેફ્ટી, આધુનિક ઈન્ટરસેક્શન અને સુરક્ષા સુવિધાઓને કારણે અકસ્માતોના પ્રમાણમાં મોટો ઘટાડો થશે. ઝડપી વાહનવ્યવહારથી સ્થાનિક વેપાર, ઉદ્યોગો અને રોજગારીની નવી તકો ઉભી થશે. દક્ષિણ ગુજરાતના અંતરિયાળ વિસ્તારો અને શહેરો વચ્ચેનું અંતર ઘટશે અને મુસાફરી સુખદ બનશે.

દરમિયાન સાંસદ શ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વલસાડ-ડાંગની જનતાની સુખાકારી અને આધુનિક કનેક્ટિવિટીએ મારી પ્રાથમિકતા છે. એનએચ-૫૬ના આ પ્રોજેક્ટથી વિસ્તારના સામાજિક અને આર્થિક વિકાસને નવી ગતિ મળશે.

# વાપી મહાનગરપાલિકાનું જન ભાગીદારીનું આહ્વાનઃ ૨૦૨૫-૨૬ના દ્વિતીય બજેટ માટે જાહેર સૂચનો મંગાવાયા

**વિકાસલક્ષી-માળખાકીય સુવિધાના સૂચનો નાગરિકો ઈ મેઈલ દ્વારા મેરૂ પોર્ટલ ઉપર સૂચનો મોકલી શકશે**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૨૪**

વાપી મહાનગરપાલિકા દ્વારા જન ભાગીદારીનું આહ્વાન કરવામાં આવ્યું છે. આગામી ૨૦૨૫-૨૬ દ્વિતીય બજેટ માટે નાગરિકો તેમના સૂચનો મોકલી શકે છે. સૂચનો મેરૂ પોર્ટલ ઉપર ઈ મેઈલ દ્વારા મોકલી શકાશે.

શહેરના નાગરિકો વાપીના વિકાસ માટે માળખાકીય સુવિધા, ત્રુટીઓ અને વિકાસલક્ષી સૂચનો મોકલી શકશે. ટ્રાફિક પર્યાવરણ રોડ, સ્ટ્રિટ લાઈટ, સફાઈ જેવી નાગરીકી સુવિધાઓ અંગે તલસ્પર્શી સૂચનો મનપાએ મંગાવ્યા છે. નવીન દ્વિતીય બજેટ ૨૦૨૫-૨૬માં તેનો સૂચારુ અમલ કે જોગવાઈ કરી શકાય એ માટે મનપાએ જાહેર જન ભાગીદારીનું આહવાન કર્યુ છે. શહેરનો વિકાસ કેવો હોવો જોઈએ? નાગરિકો શું શું ઈચ્છે છે? શું ત્રુટી છે? અને તેનું સમાધાન અંગે વહેવારિક સુચારૂ સૂચનો મોકલી શકાશે.

મનપા દ્વારા આ એક આવકાર્ય અને જરૂરી પગલું ભર્યુ હોવાનું લેખાવી શકાય. ટ્રાફિકથી લઈ જ્યાં જે સમસ્યાઓ હાલમાં પ્રવર્તી રહી છે. તેનું યોગ્ય સમાધાન બજેટમાં કરી શકાય એ માટે મનપાના વહીવટમાં જનભાગીદારીનું આ આહ્વાન છે. જાગૃત નાગરીકો આગળ આવે એ જરૂરી લેખાશે.

# વાપી મેઈન ગરનાળાથી સ્ટેશન તરફ જતો ગીતાનગરનો રોડ મહિના બાદ ખુલ્લો કરાયો

**આરસીસી રોડ બનાવવાની કામગીરી આધિન બંધ કરાયો હતો : વાહન ચાલકોએ રાહત અનુભવી**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વાપી મેઈન રેલવે ગરનાળાથી સ્ટેશન તરફ આવતો ગીતાનગરનો મેઈન રોડ એક મહિનાથી બંધ હતો. જેને ખુલ્લો કરી દેવામાં આવ્યો છે. તેથી વાહન ચાલકોમાં ખુશી સાથે રાહતની લાગણી ફેલાઈ છે.

મેઈન રેલવે ગરનાળાથી સ્ટેશન તરફ આવતો ગીતાનગરનો મેઈન રોડ મનપા દ્વારા આર.સી.સી. રોડ બનાવાનો હતો. આ રોડ અવરજવર માટે બંધ કરાયો હતો તેથી વાહન ચાલકો ભીખીમાતા મંદિર થઈ મોટો ચકરાવો લઈ અવર જવર કરતા હતા. ટ્રાફિકની પણ સમસ્યા સર્જાતી રહેતી હતી પરંતુ આ સમસ્યાનો અંત આવી ગયો છે. ગતરોજ નવા રોડની કામગીરી પુરી થતા મનપાએ બંધ કરેલો આ રોડ ખુલ્લો કરી દીધો હતો તેથી વાહન ચાલકોએ મોટી રાહતની લાગણી અનુભવી હતી. વાપીમાં ઠેર ઠેર નવીન રોડ બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે તેથી વિવિધ સ્થળોએ અંતરાયો સર્જાઈ રહ્યા છે.

## વાપી ડુંગરા પોલીસ સ્ટેશનનો

# ગેંગ રેપના ફરાર આરોપીને એસઓજીએ ઝડપી પાડી ડુંગરા પોલીસને સોંપ્યો




**રાજા બાબુ ઉદયમલ કુશવાહા (ઉ.વ.૨૭) મૂળ કેવડીયા યુ.પી. વાપીમાંથી ઝડપાયો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વાપી ડુંગરા પોલીસ સ્ટેશનનો ગેંગરેપનો ફરાર આરોપીને ઝડપી પાડવાની એસ.ઓ.જી.ને સફળતા મળી છે. આરોપીને વાપીમાંથી ઝડપી પાડી ડુંગરા પોલીસને સોપવામાં આવ્યો છે.

ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગેંગરેપ ફરિયાદનો આરોપી રાજાબાબુ ઉદયમલ કુશવાહા એસ.ઓ.જી.ના હાથે ઝડપાઈ ગયો છે. પેરોલ ફલો સ્ક્વોડના નરેન્દ્ર ચૌહાણને મળેલ બાતમી આધારે વાપીમાં વોચ ગોઠવીને ગેંગરેપના આરોપી રાજાબાબુને પોલીસે ઝડપી પાડ્યો હતો અને ડુંગરા પોલીને સોંપ્યો હતો. એસ.ઓ.જી.ને ગેંગરેપના આરોપીને ઝડપી પાડી મોટી સફળતા મળી છે.

# વાપી ખડકલાની શિવહરી ગ્રીન સિટી સોસાયટીમાં બ્રાન્ડેડ કંપનીના જુતા ચોરીની ઘટના ઘટી



**ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ, આઠ થી દશ જોડી જુતા કોઈ ચોર ઈસમ થેલામાં ભરી ચોરી કરી ગયો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વાપી ખડકલા વિસ્તારમાં આવેલી ગ્રીન સિટી સોસાયટીમાં મધરાતે એક યુવક સોસાયટી પરિસરમાં ઘૂસી ગયો હતો. લોકોના ઘરની બહાર મોંઘા બ્રાન્ડેડ જુતા ચોરી યુવક ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના સોસાયટીના સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થઈ હતી.

વાપી ખડકલા વિસ્તારની શિવહરી ગ્રીન સિટી સોસાયટીમાં મોંઘા બ્રાન્ડેડ આઠ થી દશ જુતાની ચોરી થઈ હતી. સીસીટીવી કેમેરામાં સોસાયટીમાં પ્રવેશેલા દેખાય છે. ત્યારબાદ આમતેમ નજર દોડાવતો કોઈ જોઈ તો નહી રહ્યું ને? તેની પૃષ્ટી કરી ચાલાકીથી ઘરની બહાર રાખવામાં આવેલા બ્રાન્ડેડ જુતા એક પછી એક સાથે રાખેલી થેલીમાં ભરતો દેખાય છે. નામી કંપનીના જુતા હોવાથી રહીશોએ તેની કિંમત હજારોમાં બતાવી છે. આ સોસાયટીમાં પહેલા પણ નાની મોટી ચોરી થયાની ઘટનાઓ બની ચૂકેલી છે. તેથી ખુલ્લેઆમ કિંમતી સામાનની થતી ચોરી સુરક્ષા માટે પ્રશ્નાર્થ બનેલ છે. રહીશોએ પોલીસને જલ્દી કાર્યવાહી કરવાની માંગણી કરી છે. ચોરીઓ કિંમતી ઘરેણા, રોકડની થતી જોવા મળે છે પરંતુ ખડકલામાં તો એ જુતા પણ નહી છોડ્યા તેવુ ચોમેર ચર્ચાઈ રહ્યું છે.

# ટ્રેનમાં ઉંઘતા મુસાફરની સોનાના ઘરેણાં રાખેલ બેગની ચોરી કરતા આરોપીને વલસાડ રેલવે પોલીસે ઝડપ્યો



**સોનાનું મંગલ સુત્ર, કાનની બુટ્ટી રાખેલ લાલ કલરના પર્સ સાથે ૧.૮૮ લાખ મત્તાની આરોપીએ ચોરી કરી હતી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

ટ્રેનોમાં ઊંઘતા મુસાફરોના કિંમતી સરસામાન સામાનની ચોરી થતા હોવાનો બનાવો અવાર નવાર ઘટતા રહે છે. તેવો વધુ એક બનાવનો વલસાડ રેલવે પોલીસે પર્દાફાશ કર્યો છે. ગણતરીના કલાકોમાં ચોરી કરનાર આરોપીને ચોરેલી ૧.૮૮ લાખની મત્તા સાથે ઝડપી પાડ્યો હતો.

વાપી વલસાડ વચ્ચે ચાલુ ટ્રેનમાં સૂતેલી એક મહિલાનું એક ચોર ઈસમે લાલ કલરનું પર્સ ચોર્યું હતું. મહિલા જાગી જતા પર્સ નહી મળતા ટ્રેનમાં ફરજ ઉપરના પોલીસ કોન્સ્ટેબલને ફરીયાદ કરી હતી. તેથી રેલવે પોલીસે વલસાડ સ્ટેશને ટ્રેનના તમામ ડબ્બામાં કડક ચેકીંગ કરતા ચોર આરોપી ઝડપાઈ ગયો હતો. મહિલાએ લાલ પર્સમાં સોનાનું મંગલ સુત્ર, કાનની બુટ્ટી, રોકડા મળી કુલ ૧.૮૮ લાખનો મુદ્દામાલ રાખ્યો હતો. પોલીસે મુદ્દામાલ રિકવર કરી મહિલાને ગણતરીના કલાકોમાં સુપરત કર્યા. આરોપી ચોરની ધરપકડ કરી રેલવે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, રેલવેની મુસાફરી કરતા સતર્કતા રાખવી જરૂરી છે. ચોર અને અસામાજીક તત્વો મુસાફરોનો કિંમતી સામાન ચોરવા માટે હંમેશા એક્ટીવ રહેતા હોય છે. તેથી ખાસ કરીને ચાલુ ટ્રેનમાં સૂઈ જવું ક્યારેક જોખમી બની શકે છે.

# વાપી ચણોદ સ્થિત અથર્વ પબ્લિક સ્કૂલમાં આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

ચણોદ સ્થિત અથર્વ પબ્લિક સ્કૂલ ખાતે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વલસાડ જિલ્લા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંઘચાલક શ્રી આનંદ પિંપુટકર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે ડૉ.અભય છેડા હાજર રહ્યા હતા. તેમજ ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટની વલસાડ જિલ્લા સંયોજિકા ડૉ.સીમા ગાલા, શ્રી સુહાસ કામ્બલે, સ્નેહલ કામ્બલે અને નાનજી ગુજરની ઉપસ્થિતિ રહી હતી.

શાળાની ચેરપર્સન પ્રિન્સિપાલ લીના બોર્સેએ મહેમાનોનું સ્વાગત કરી માતૃભાષાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો અને જણાવ્યું કે માતૃભાષા આપણા સંસ્કાર, સંસ્કૃતિ અને ઓળખનો આધાર છે.

મુખ્ય વક્તા ડૉ.અભય છેડાએ ગુજરાતી ભાષાના ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાની માહિતી આપી હતી. મુખ્ય અતિથિ આનંદજીએ ‘‘સ્વભાષા, સ્વભૂષા અને સ્વભોજન’’ના મંત્ર દ્વારા માતૃભાષા પ્રત્યે ગૌરવ અને સ્વાભિમાન જાળવવાનો સંદેશ આપ્યો હતો. ડૉ.સીમા ગાલાએ માતૃભાષાનો સન્માન અને પ્રયોગ જીવનમાં કેવી રીતે વધારવો તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માતૃભાષા પ્રત્યે પ્રેમ, ગૌરવ અને જાગૃતિ વિકસાવવાનો રહ્યો હતો.

# કોરોમંડલ ઈન્ટરનેશનલે સરીગામ પ્રદેશમાં શૈક્ષણિક માળખાને મજબૂત કર્યું

**કોરોમંડલ ઈન્ટરનેશનલ કંપનીએ સીએસઆર પહેલના ભાગરૂપે માણેકપુરમાં શ્રી સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલમાં સાયન્સ લેબોરેટરી અને ધોડીપાડામાં નવા આંગણવાડી કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યુ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૨૪**

ભારતના અગ્રણી એગ્રી-સોલ્યુશન્સ પ્રોવાઈડર્સ પૈકીના એક કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડે ગુજરાતના સરીગામ ખાતે શિક્ષણ અને પ્રારંભિક શિક્ષણને મજબૂત કરતી બે નવી પહેલો દ્વારા સમુદાય વિકાસ પ્રત્યેની તેની કટીબદ્ધતાને મજબૂત કરી છે.

કંપનીએ તેની સીએસઆર પહેલના ભાગરૂપે માણેકપુરમાં શ્રી સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલમાં સાયન્સ લેબોરેટરી અને ધોડીપાડામાં નવા આંગણવાડી કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું છે. આ સુવિધાનો ઉદ્દેશ્ય જિજ્ઞાસા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો તથા વિદ્યાર્થીઓ અને નાના બાળકોને સુરક્ષિત અને રસપ્રદ માહોલ ઉપલબ્ધ કરાવવાનો છે.

આ નવી સાયન્સ લેબોરેટરી ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીમાં અભ્યાસનો પ્રેક્ટિકલ અનુભવ પૂરો પાડવા માટે સજ્જ છે, જેનાથી શાળા અને આસપાસના ગામના ૧,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને લાભ થાય છે. ધોડીપાડામાં આંગણવાડી કેન્દ્ર



બાળપણમાં સંભાળ અને શિક્ષણને સપોર્ટ કરવા ડિઝાઈન કરાયું છે, જે રમત-ગમત આધારિત અભ્યાસ ઓફર કરે છે તેમજ નાના બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપતાં ન્યુટ્રિશન સેવાઓ પ્રદાન કરે છે.

આ પહેલ વિશે વાત કરતાં કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના વડા શ્રી જયગોપાલ ચાથુરે કહ્યું હતું કે, અમારૂં માનવું છે કે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પ્રારંભિક અભ્યાસની એક્સેસ સમુદાયમાં પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. જિજ્ઞાસા અને વિકાસના દરેક તબક્કાને પ્રોત્સાહન આપતી સંસ્થાઓને સપોર્ટ કરતા અમારા ઉદ્દેશ્ય સક્ષમ અને આત્મ-નિર્ભર સમાજમાં યોગદાન આપવાનું છે.

આ ઉદ્ઘાટન સમારોહમાં કોરોમંડલ લીડરશીપ ટીમના સિનિયર જનરલ મેનેજર અને યુનિટ હેડ, સરીગામ અને કોરોમંડલ સીએસઆર વોલેન્ટિયર ટીમના સભ્યો સહિત કોરોમંડલ લીડરશીપ ટીમે હાજરી આપી હતી. તેમાં સમુદાયના અગ્રણીઓ અને મહાનુભાવોમાં ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર, માણેકપુર અને ધોડીપાડાના સરપંચો, શાળાના ટ્રસ્ટીઓ અને કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો અને સ્થાનિક રહેવાસીઓનો સમાવેશ થતો હતો.

# વાપીના કરવડથી ૨૨ વર્ષીય નિકિતા હળપતિ ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વાપીના કરવડ ખાતે હળપતિ વાસમાં રહેતા પ્રવિણભાઈ રમણભાઈ હળપતિની ૨૨ વર્ષીય દીકરી નિકિતા તા.૧૭/૦૨/૨૦૨૬ના રોજ બપોરે ૩ કલાકે ઘરેથી કોઈને કઈપણ કહ્યા વિના ક્યાંક નીકળી ગઈ હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. જે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. શરીરે પાતળો બાંધો, ઘઉંવર્ણ અને ચાર ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે.

શરીરે સફેદ કલરનું ટોપ અને કાળા કલરની લેંગીઝ પહેરી હતી. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# અંભેટીથી ૨૦ વર્ષીય રાહુલ રાવત ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં અંભેટી ગામમાં દક્ષેશભાઈ પટેલની ચાલમાં રોહિતવાસ ફળિયામાં રહેતા ૩૮ વર્ષીય શોભાબેન સંતોષભાઈ રાવત (મૂળ રહે.પાંતીગામ, થાના. ગુઢ, જિ.રેવા, મધ્યપ્રદેશ)નો ૨૦ વર્ષીય દીકરો રાહુલ સંતોષ રાવત તા.૨૬/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યાના સુમારે ઘરના સભ્યોને કાંઈ પણ કહ્યા વિના ક્યાંક ચાલી ગયો હતો. જેની શોધખોળ કરવા છતાં આજદિન સુધી કોઈ પત્તો લાગ્યો ન હતો. જે શરીરે પાતળો બાંધો, ગોરો વર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. ડાબા ગાલ ઉપર આંખની નીચે જૂનુ વાગેલાનું નિશાન છે. શરીરે વાદળી કલરની લાંબી બાઈની ટીશર્ટ અને વાદળી કલરનું જિન્સ પેન્ટ પહેર્યુ હતું. જે હિન્દી ભાષા જાણે છે. જે કોઈને પણ ભાળ મળે તો નાનાપોંઢા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

ઉમરગામ, સરીગામ, ભિલાડ, કરમબેલી વિસ્તારના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ ઉપેન્દ્ર રાઠોડ - 90332 64689